પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૧૯ • કુલ પાના : ૪ • તારીખ : ૧૦-૦૫-૨૦૨૪ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાત બોર્ડનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા જાહેર થયું



અમદાવાદ,

ધો.૧૨ ગુજરાત બોર્ડનું સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે.૮૨.૪૫ ટકા પરિણામ જાહેર થયું છે.સૌથી વધુ પરિણામ છાલાનું ૯૯.૬૧ ટકા આવ્યું છે જયારે સૌથી ઓછું પરિણામ ખાવડા ૫૧.૧૧ ટકા રહ્યું છે. રાજયમાં ૧૬૦૯ શાળાનું ૧૦૦ પરિણામ આવ્યું છે. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં સામાન્ય (વિજ્ઞાન પ્રવાહ)માં મોરબી જિલ્લાનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે.વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૨.૪૫ ટકા જયારે સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ ટકા પરિણામ જાહેર થયું છે આ ઉપરાંત કુંભાણીયા કેન્દ્રનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે.સામાન્ય પ્રવાહમાં બોટાદ જિલ્લાનું સૌથી ઉંચુ પરિણામ આવ્યું છે. આજે જાહેર થયેલા પરિણામમાં વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડ સાથે ૧૩૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે ૨૦૨૩ની સરખામણીએ વિજ્ઞાન પ્રવાહમાં ૧૬.૮૭ ટકા વધુ પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં ગાંધીનગરના છાલા કેન્દ્રનું સૌથી વધુ પરિણામ જાહેર થયું છે.૧૦ ટકા કે તેથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૨૭ છે.એ ૧ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૧.૦૩૪ છે એ ૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૮,૯૮૩ છે જયારે અંગ્રેજી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૮૧.૯૨ ટકા છે. ગુજરાતી માધ્યમના ઉમેદવારોની પરિણામની ટકાવારી ૮૨.૯૪ છે આજે ધોરણ – ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયુ છે. વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ પરિણામ બનાસકાંઠાના કુંભારિયામાં ૯૭.૨ ટકા આવ્યુ છે. બનાસકાંઠામાં વિજ્ઞાન પ્રવાહનું ૮૮.૮૩ ટકા પરિણામ આવ્યુ છે. જ્યારે સામાન્ય પ્રવાહનું ૯૪.૬૧ ટકા પરિણામ આવ્યા છે.વધારે પરિણામ ધરાવતું કેન્દ્ર ૨૦૨૩માં ધાંગધ્રા ૯૫.૮૫ ટકાએ રહ્યું હતું તેમજ આ વખતે ૨૩૨૪ છાલા ૯૯.૬૧ ટકાએ મોખરે રહ્યું છે. ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ખાવડા ૫૧.૧૧ ટકા રહ્યું છે. વધારે પરિણામ ધરાવતો જિલ્લો બોટાદ ૯૬.૪૦ ટકાએ આગળ રહ્યો છે. જ્યારે જૂનાગઢમાં ૮૪.૮૧ ટકા એ છેલ્લે રહ્યો છે.

આ પરીક્ષા ૩,૭૯,૭૫૯ વિદ્યાર્થીઓ નોધાયા હતા. જેમાંથી પૈકી ૩,૭૮,૨૬૮ ઉપસ્થિત રહ્યા હતા. તેમાથી ૩,૪૭,૭૩૮ પાસ થયેલા છે. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩% ટકા આવેલ છે.

વર્ષ ૨૦૨૪માં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી પ્રાપ્ય થયુ હોય તેવી ૧૬૦૯ શાળા છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરવાતી શાળાઓની સંખ્યામાં ગયા વર્ષ કરતા ઘટાડો જોવા મળ્યો છે. ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી ૧૯ શાળાનો સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લામાં પણ વિદ્યાર્થીઓમાં હર્ષ ઉલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે. વિજ્ઞાન પ્રવાહમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૧૨૭ શાળાઓ છે. વિજ્ઞાન પ્રવાહમાં એ ગ્રુપનું પરિણામ ૯૦.૧૧ ટકા બી ગ્રુપનું પરિણામ ૭૮.૩૪ ટકા એબી ગ્રુપનું પરિણામ ૬૮.૪૨ ટકા આવ્યુ છે. જ્યારે નિયમિત વિદ્યાર્થીનું પરિણામ ૮૨.૫૩ ટકા અને નિયમિત વિદ્યાર્થિનીનું ૮૨.૩૫ ટકા પરિણામ આવ્યુ છે.

ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જેવું જાહેર થયું છે. જેના પગલે ગુજરાતના વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ક્યાંક વિદ્યાર્થીઓ ગરબે ઘૂમ્યા છે. તો કેટલાક વિદ્યાર્થીઓને વાલીઓના ચહેરા પર હરખના આસું સાથે સ્મિત છલકાઈ રહ્યુ છે. ત્યારે આવો જ ખુશીનો માહોલ રાજકોટમાં જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓએ ૧૨ કલાક સતત મહેનત કરીને ઉચ્ચ પરિણામ મેળવ્યુ છે. ત્યારે ધોળકિયા સ્કૂલમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો છે.આ વર્ષે વિજ્ઞાન પ્રવાહનું ૮૫.૫૬ ટકા તો સામાન્ય પ્રવાહનું ૯૩.૩૮ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જેવું જાહેર થયું. તેવા પરિણામ આવતાની સાથે જ સુરતના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા છે. વિદ્યાર્થીઓ ઝૂમે પણ કેમ નહીં કેમ કે આ વખતે ધોરણ ૧૨નું સામાન્ય અને સાયન્સ પ્રવાહનું પરિણામ સારુ આવ્યુ છે. જેમાં વિજ્ઞાન પ્રવાહનું ૮૫.૫૬ ટકા તો સામાન્ય પ્રવાહનું ૯૩.૩૮ ટકા પરિણામ આવ્યું છે.જેને લઈ વિદ્યાર્થીઓ ગરમે ઝૂમતા જોવા મળ્યા છે. ઘણા વિદ્યાર્થીઓની આંખમાં ખુશીના આંસુ હતા. તો વાલીઓ પણ સંતાનનું સારું પરિણામ જોઈ રાજી થઈ ગયા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં તમામના ચહેરા પર અલગ પ્રકારનું સ્મિત જોવા મળ્યુ હતુ. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં જોરદાર ઉત્સાહ જોવા મળ્યો છે. રાજ્યભરના વિદ્યાર્થીઓ પરિણામ જોઈ ઝૂમી ઉઠ્યા હતા. વાલીઓ પણ પરિણામથી ખુબ જ આનંદમાં તેવા દ્રશ્યો પણ સામે આવ્યા હતા.

## ભારત જાપાનને પછાડીને વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક બન્યો



નવીદિલ્હી,

સૌર ઊર્જાના ઉપયોગ પર ભાર મૂકવાની સાથે, ભારત ગયા વર્ષે જાપાનને પછાડીને વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક બન્યો છે. ગ્લોબલ એનર્જી સેક્ટરમાં કામ કરતી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ એમ્બરના રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. ૨૦૧૫માં સૌર ઊર્જાના ઉપયોગના સંદર્ભમાં ભારત નવમા ક્રમે હતું. 'ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યૂ' નામના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક વીજળી ઉત્પાદનનો ૫.૫ ટકા સોલાર એનર્જી સ્વરૂપે આવશે. વૈશ્વિક વલણને અનુરૂપ, ભારતે ગયા વર્ષે તેના કુલ વીજળી ઉત્પાદનના ૫.૮ ટકા સૌર ઉર્જામાંથી મેળવ્યા હતા.એમ્બરના એશિયા પ્રોગ્રામના ડાયરેક્ટર આદિત્ય લોલાએ જણાવ્યું હતું કે, ''ગ્રીન પાવર ક્ષમતા ઉમેરવી એ માત્ર પાવર સેક્ટરમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે નથી. ''પરંતુ અર્થતંત્રમાં વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા અને ઉત્સર્જનમાંથી આર્થિક વૃદ્ધિને બેવડા કરવા માટે પણ તે જરૂરી છે.''અહેવાલ મુજબ, સૌર ઉર્જાએ સતત ૧૯મા વર્ષે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા વીજળી સ્રોત તરીકે તેનું સ્થાન જાળવી રાખ્યું છે. ગયા વર્ષે, કોલસાની તુલનામાં આ સ્વચ્છ ઉર્જા સ્રોતમાંથી વિશ્વભરમાં બમણી કરતાં વધુ વીજળી ઉમેરવામાં આવી હતી. ૨૦૨૩ સુધીમાં ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં થયેલો વધારો વિશ્વમાં ચોથો સૌથી મોટો વધારો હતો. ભારત આ મામલે ચીન, અમેરિકા અને બ્રાઝિલથી પાછળ છે. ૨૦૨૩માં સૌર ઊર્જા વૃદ્ધિમાં આ ચાર દેશોનો હિસ્સો ૭૫ ટકા રહેશે.એમ્બરે જણાવ્યું હતું કે ૨૦૨૩માં વૈશ્વિક સૌર ઉત્પાદન ૨૦૧૫ની સરખામણીમાં છ ગણું વધુ હતું. રિપોર્ટ અનુસાર, ભારતમાં વીજળી ઉત્પાદનમાં સૌર ઉર્જાનું યોગદાન ૨૦૧૫માં ૦.૫ ટકા હતું, જે ૨૦૨૩માં વધીને ૫.૮ ટકા થઈ ગયું છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના ચોખ્ખા-શૂન્ય ઉત્સર્જન દૃશ્ય અનુસાર, ૨૦૩૦ સુધીમાં સૌર ઊર્જા વૈશ્વિક વીજળી ઉત્પાદનના ૨૨ ટકા સુધી વધી જશે. ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ ક્ષમતાને ત્રણ ગણી કરવાની યોજના બનાવી રહેલા કેટલાક દેશોમાં ભારત એક છે. એમ્બરના વિશ્લેષણ મુજબ, ભારતે આ સંભવિતતાને પહોંચી વળવા વાર્ષિક ક્ષમતા વધારામાં નોંધપાત્ર વધારો કરવાની જરૂર છે.

## ભારતની વસ્તીમાં હિંદુઓ ૬ ટકા ઘટ્યા, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખોની વસ્તી વધી

નવીદિલ્હી,

ભારતમાં, ૧૯૫૦થી ૨૦૧૫ સુધીના ૬૫ વર્ષના ગાળામાં બહુમતી હિંદુઓની વસ્તીમાં ભારે ઘટાડો થયો હતો. આ સમયગાળા દરમિયાન દેશની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૬ ટકા ઘટ્યો હતો. એટલું જ નહીં, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા અન્ય દેશોની સરખામણી કરીએ તો ત્યાંની વસ્તીમાં બહુમતી મુસ્લિમોનો હિસ્સો ઝડપથી વધ્યો છે. અભ્યાસ અનુસાર, એક તરફ ભારતમાં હિંદુઓનો હિસ્સો ઘટ્યો છે, તો બીજી તરફ લઘુમતી મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખોની વસ્તી વધી છે. આ સમયગાળા દરમિયાન હિંદુઓ ઉપરાંત જૈનો અને પારસીઓની વસ્તીમાં પણ ઘટાડો થયો છે.અભ્યાસ મુજબ આ સમયગાળા દરમિયાન વસ્તીમાં મુસ્લિમોનો હિસ્સો ૫ ટકા વધ્યો છે. આ સિવાય ખ્રિસ્તીઓનો હિસ્સો ૫.૩૮ ટકા અને શીખોનો હિસ્સો ૬.૫૮ ટકા વધ્યો છે. એટલું જ નહીં બૌદ્ધોનો હિસ્સો પણ વધ્યો છે. રિપોર્ટ અનુસાર, ૧૯૫૦માં ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૮૪ ટકા હતો. હવે દેશની વસ્તીના ૭૮ ટકા હિંદુઓ છે. ૬૫ વર્ષ પહેલા ભારતની વસ્તીના ૯.૮૪ ટકા મુસ્લિમો હતા, જે હવે વધીને ૧૪.૦૯ ટકા થઈ ગયા છે. મ્યાનમાર પછી, ભારત આસપાસના દેશોમાં બીજા ક્રમે છે જ્યાં તેની બહુમતી સમુદાયની વસ્તીમાં ઘટાડો થયો છે.

મ્યાનમારમાં આ સમયગાળા દરમિયાન બહુમતી બૌદ્ધ સમુદાયની વસ્તીમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. તે જ સમયે, ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૭.૮ ટકા ઘટ્યો છે. ભારત અને મ્યાનમાર સિવાય નેપાળમાં પણ આવી જ સ્થિતિ છે. નેપાળની વસ્તીમાં બહુમતી હિંદુઓનો હિસ્સો ૩.૬ ટકા ઘટ્યો છે. પીએમની આર્થિક સલાહકાર સમિતિએ પોતાના રિપોર્ટમાં કુલ ૧૬૭ દેશોનો અભ્યાસ કર્યો છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે વિશ્વના વલણોને ધ્યાનમાં લેતા ભારતમાં સ્થિરતા જોવા મળી છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં લઘુમતીઓ માત્ર સુરક્ષિત નથી પરંતુ તેમની વસ્તી ઝડપથી વધી રહી છે.

જણાવી દઈએ કે એક તરફ ભારતની વસ્તીમાં બહુમતી હિંદુઓનો હિસ્સો ઘટ્યો છે. તે જ સમયે, પડોશી બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં બહુમતી મુસ્લિમોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. બાંગ્લાદેશમાં મુસ્લિમોનો હિસ્સો ૧૮.૫ ટકા વધ્યો છે. જ્યારે પાકિસ્તાનમાં આ વધારો ૩.૭૫ ટકા છે. અફઘાનિસ્તાનમાં ૦.૨૯ ટકાનો વધારો થયો છે. અહીં નોંધનીય એક હકીકત એ છે કે બૌદ્ધ બહુમતી વસ્તી ધરાવતા ભૂટાન અને શ્રીલંકામાં પણ બહુમતી વસ્તી વધી છે. ભૂટાનમાં, વસ્તીમાં બહુમતી બૌદ્ધોનો હિસ્સો ૬૫ વર્ષમાં ૧૭.૬ ટકા વધ્યો છે, જ્યારે શ્રીલંકામાં આ આંકડો ૫.૨૫ ટકા છે.

## સ્પેસ સાયન્સમાં ક્રાંતિ, પહેલીવાર આ પ્રકારના ઈંધણથી ઉડાડ્યું રોકેટ, જર્મન એજન્સીને મળી સફળતા

કૂનીબ્બા,

એક જર્મન કંપનીએ પ્રથમવાર મીણબત્તીમાં ઉપયોગમાં લેવાતા મીણની ઉર્જા વડે રોકેટ અંતરિક્ષમાં મોકલવામાં સફળતા મેળવી છે. આ સફળતા નાના કારોબારીઓ માટે ઓછા ખર્ચે અંતરિક્ષમાં ઉપગ્રહ મોકલવાની દિશામાં મહત્વનું છે. આ રોકેટ ૭ મે ના રોજ સવારે ૫ વાગે દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં કૂનીબ્બા ખાતેની લોંચ સાઈટ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેનું નામ એઆર ૭૫ રાખવામાં આવ્યું છે.પરીક્ષણમાં ઉપયોગમાં લેવાયેલું રોકેટ ૧૨ મીટર લંબાઈ ધરાવે છે. આ રોકેટની મદદથી ૨૫૦ કિલો વજન ૨૫૦ કિમી દૂર અવકાશમાં લઈ જઈ શકાય છે.

દરિયાની સપાટીથી ૧૦૦ કિમી ઉંચાઈ પર અંતરિક્ષની સીમા શરુ થાય છે. આ રોકેટ ઉર્જા માટે પેરાફીન એટલે કે મીણબત્તી અને તરલ ઓકિસજનનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઈંધણ રોકેટમાં વાપરવા માટે માઈનસ ૪૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઠંડુ રાખી શકાય છે. રોકેટ તૈયાર કરવાના જર્મન અંતરિક્ષ એજન્સી ડીએલઆરના સ્ટાર્ટઅપમાં ૬૫ લોકો કામ કરી રહયા છે.

અગાઉ અંતરિક્ષ એજન્સીને ઉપગ્રહો અંતરિક્ષમાં મોકલવાના અંદાજે ૧૦ કરોડ યુરોના ઓર્ડર મળી ચુકયા છે. ઉપગ્રહ મોકલવા માટે રોકેટમાં હાઈડ્રોજનના સ્થાને પેરાફીનનો ઉપયોગ કરવાનો એક માત્ર હેતું ઈંધણ ખર્ચ બચાવવાનો છે. પેરાફીન ઈંધણથી આવનારા સમયમાં ઈંધણ ખર્ચમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે. વર્તમાન સમયમાં ભારતની ઈસરો અને ઈલોન મસ્કની કંપની સ્પેસએકસ કિફાયતી કિંમતે સેવા આપી રહી છે.

અમેરિકા,રશિયા,યુરોપ અને ચીન પર ઉપગ્રહ લોન્ચિંગ બજારમાં નામ ધરાવે છે. જર્મન વેબસાઈટ ડીડબ્લ્યુના જણાવ્યા અનુસાર મોટા ભાગના પ્રોજેકટ ખાનગી નાણાથી શરુ કરવામાં આવ્યા છે. સાર્વજનિક નાણા અલ્પ પ્રમાણમાં જ મળ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી વ્યવસાયિક ધોરણે ઉપગ્રહોની માંગ વધતી જાય છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૦ દરમિયાન ૭૦ થી ૧૧૦ ઉપગ્રહ અંતરિક્ષમાં મોકલાયા હતા જેની સંખ્યા ૨૦૧૧ થી ૨૦૧૯ સુધીમાં વધીને ૫૮૬ જેટલી થઈ હતી. ૨૦૨૦ થી અત્યાર સુધીમાં દર વર્ષે ૧ હજારથી વધુ ઉપગ્રહ અંતરિક્ષમાં મોકલવામાં આવી રહયા છે.

## જમ્મુ કાશ્મીરના પુંછમાં એરફોર્સના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનનો હાથ

નવીદિલ્હી,

ગયા અઠવાડિયે જમ્મુ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણી બહાર આવી છે. હુમલાના આરોપી શંકાસ્પદ આતંકવાદીઓના ઝઝ્રફ ફૂટેજ બુધવારે સામે આવ્યા હતા. લશ્કરના આતંકવાદીઓની ઓળખ અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે.

આ તમામ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે એરફોર્સ પર થયેલા આતંકી હુમલામાં એક જવાન શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

સૂત્રોનું કહેવું છે કે આ ૩ પાકિસ્તાની આતંકવાદીઓની તસવીરો છે, જેમણે ૪ મે ૨૦૨૪ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો હતો. તેઓ લશ્કર-એ-તૈયબા જૂથ સાથે સંકળાયેલા છે અને રાજૌરી પુંછ વિસ્તારમાં સક્રિય છે. સૂત્રોનું કહેવું છે કે આ તસવીરોમાંનો એક આતંકી પાકિસ્તાની સેનાનો પૂર્વ કમાન્ડો છે. આમાંની એક તસવીર અબુ હમઝાની છે, જે એલઈટીનો કમાન્ડર છે.

તમને જણાવી દઈએ કે ૪ મેના હુમલામાં આતંકવાદીઓએ ઉચ્ચ શક્તિ ધરાવતી એસોલ્ટ રાઈફલ્સનો ઉપયોગ કર્યો હતો, જેમાં અમેરિકાની બનાવેલી એમ૪ અને રશિયન બનાવટની એકે-૪૭ સામેલ હતી. આ વિસ્તારમાં આ વર્ષનો આ પહેલો મોટો હુમલો હતો, જેણે ભૂતકાળમાં લશ્કરી થાણાઓ અને સૈનિકો પર અનેક આતંકવાદી-સંબંધિત હુમલાઓ જોયા છે. જમ્મુ-કાશ્મીર પોલીસે હુમલાને અંજામ આપનારા બે શંકાસ્પદ આતંકવાદીઓના સ્કેચ જાહેર કર્યા છે. અબુ હમઝા મધ્યમ ઉંચાઈનો છે. તેનો રંગ ગોરો છે. તેની ઉંમર ૩૦ થી ૩૨ વર્ષની વચ્ચે છે. તેણે વાળ કાપ્યા છે. હમઝા છેલ્લે નારંગી અને ભૂરા રંગનો પઠાણી સૂટ પહેરીને જોવા મળ્યો હતો.પોલીસે તેની ધરપકડ માટે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે, આતંકવાદીઓએ પુંછ જિલ્લાના શાઈસ્તર વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલાને નિશાન બનાવ્યું હતું, જેના પરિણામે એરફોર્સના જવાન કોર્પોરલ વિકી પહાડે શહીદ થયા હતા અને ચાર ઘાયલ થયા હતા.

ભારતીય વાયુસેનાના કાફલા પર હુમલો તાજેતરના અઠવાડિયામાં પૂંછ અને રાજૌરી પ્રદેશોમાં થયેલા શ્રેણીબદ્ધ આતંકવાદી હુમલાઓને અનુસરે છે. આ ઘટનાઓમાં રાજૌરીના શદરા શરીફ વિસ્તારમાં હુમલો હતો, જ્યાં એક ૪૦ વર્ષીય સરકારી કર્મચારીની મસ્જિદની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ડ્રોન અને સ્નિફર ડોગ જેવા સર્વેલન્સ સાધનોથી સજ્જ સુરક્ષા દળના જવાનો હાલમાં શાહસિતાર, ગુરસાઈ, સનાઈ, લસાણામાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

## હું મોદીજીને ૧૫ સેકન્ડ આપવા કહું છું, નવનીત રાણાના 'પોલીસને હટાવવા'ના નિવેદન પર ઓવૈસી નારાજ

હૈદરાબાદ,

હાલ દેશમાં ચૂંટણીની મોસમ ચાલી રહી છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ પોતપોતાના વિરોધીઓ વિરુદ્ધ નિવેદનો કરીને એકબીજાને ખુલ્લા પાડવામાં વ્યસ્ત છે. દરમિયાન, ભાજપના નેતા નવનીત રવિ રાણાના '૧૫ સેકન્ડ'ના નિવેદનને લઈને વિવાદ વધી રહ્યો છે. રાણાના નિવેદન પર એઆઈએમઆઈએમ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી ગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું કે પીએમ મોદી, તેમને ૧૫ સેકન્ડ આપો, અમે પણ જોઈશું કે તેઓ શું કરશે.

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ નવનીત રાણા પર કટાક્ષ કર્યો. તેમણે કહ્યું, 'હું મોદીજીને કહું છું કે તેમને ૧૫ સેકન્ડનો સમય આપો. તમે શું કરશો? ૧૫ સેકન્ડને બદલે, એક કલાક લો. અમે એ પણ જોવા માંગીએ છીએ કે તમારામાં કોઈ માનવતા બાકી છે કે કેમ.

તેમણે કહ્યું, 'કોનો ડર છે?' અમે તૈયાર છીએ. જો કોઈ આટલું ખુલ્લેઆમ કહેતું હોય તો એવું જ હોય. વડાપ્રધાન તમારા છે, આરએસએસ તમારું છે, બધું તમારું છે. તમને કોણ રોકે છે? અમને કહો કે ક્યાં આવવું છે, અમે ત્યાં આવીશું. જે કરવું હોય તે કરો.બીજેપી નેતા રાણાની ટિપ્પણી 'જો તમે એઆઈએમઆઈએમ અને કોંગ્રેસને મત આપો છો, તો તે સીધો પાકિસ્તાન જાય છે', ઓવૈસીએ કહ્યું કે વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી અચાનક અફઘાનિસ્તાનથી નવાઝ શરીફના ઘરે ઉતર્યા હતા. બિનઆમંત્રિત મહેમાન. એ શું હતુ? તેઓ માને છે કે ભારતના તમામ મુસ્લિમો પાકિસ્તાની છે. આપણે આરએસએસની વિચારધારાને હરાવવાની છે. તેઓ ભારતના બહુલવાદ અને વિવિધતાને ધિક્કારે છે. ઓવૈસીએ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના રિપોર્ટને વોટસએપ યુનિવર્સિટી રિપોર્ટ' ગણાવ્યો હતો. તેણે કહ્યું, 'મને રિપોર્ટ મોકલો, પછી હું જવાબ આપીશ. આ કોનો રિપોર્ટ છે? આ અહેવાલ કોણે બનાવ્યો? આ વોટ્સએપ યુનિવર્સિટીનો રિપોર્ટ છે.હકીકતમાં, ભાજપના ઉમેદવાર માધવી લતાના સમર્થનમાં જાહેર સભાને સંબોધિત કરતી વખતે, નવનીત રાણાએ એઆઈએમઆઈએમ વડા અને હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી અને તેમના ભાઈ પર જોરદાર નિશાન સાધ્યું હતું. રાણાએ નામ લીધા વિના કહ્યું હતું કે, 'છોટાભાઈ કહે છે કે ૧૫ મિનિટ માટે પોલીસને હટાવો અને પછી અમે શું કરીએ છીએ તે બતાવીશું, તેથી હું તેમને કહેવા માંગુ છું કે છોટાભાઈ સાહેબ, તમને ૧૫ મિનિટ લાગશે, પરંતુ અમે ફક્ત ૧૫ મિનિટ લઈશું. મિનિટો લેશે. જો પોલીસને ૧૫ સેકન્ડ માટે હટાવી દેવામાં આવે તો નાના-મોટાને પણ ખબર નહીં પડે કે તેઓ ક્યાંથી આવ્યા અને ક્યાં ગયા. રાણાએ તેના એક્સ હેન્ડલ પર આનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. તેણે તેમાં બંને ઓવૈસી ભાઈઓને પણ ટેગ કર્યા છે.

## સપા પરિવારની પાંચેય બેઠકો ગુમાવશે, ખાતું નહીં ખુલે,યોગી આદિત્યનાથ

લખીમપુર ખેરી,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે લોકસભા ચૂંટણીમાં યુપીમાં સપાનું ખાતું નહીં ખોલવામાં આવે. પાંચેય બેઠકો પર સમાજવાદી પાર્ટીના વડા પરિવારની હાર નિશ્ચિત છે. યોગી ગુરુવારે ગોલામાં ખેરી લોકસભા સીટ માટે ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે પાર્ટીના ઉમેદવાર અજય મિશ્રા ટેનીને મત આપવાની અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ બાબા ગોલા ગોકરનાથની પવિત્ર ભૂમિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને મહારાણા પ્રતાપને તેમની પવિત્ર જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.

સીએમ યોગીએ કહ્યું કે લોકસભા ચૂંટણીના ત્રણ તબક્કા પૂર્ણ થઈ ગયા છે. દેશમાં ફરી એકવાર મોદી સરકારનો એક જ અવાજ ગુંજ્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને સપાના લોકો કહી રહ્યા છે કે રામ મંદિરનું નિર્માણ બિનજરૂરી છે. જેમ જેમ ચૂંટણીઓ આગળ વધી રહી છે તેમ તેમ બે બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે. એક તરફ રામ ભક્તો છે જેઓ ભારતના વિકાસ અને ગરીબ કલ્યાણ માટેની યોજનાઓનો લાભ આપે છે. બીજી તરફ, જેઓ ભારતની સુરક્ષાનો ભંગ કરે છે, આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું અપમાન કરે છે અને વિશ્વાસ સાથે રમત કરે છે તેઓ દેશદ્રોહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને સપા દેશના ભાગલા પાડવાનું કાવતરું કરી રહ્યા છે. એક તરફ કોંગ્રેસના કાર્યકાળમાં દેશની સરહદો અસુરક્ષિત હતી, આતંકવાદ અને નકસલવાદ ચરમસીમાએ હતો, તો બીજી તરફ સપા રામભક્તો પર ગોળીબાર કરતી હતી અને આતંકવાદીઓના કેસ પાછા ખેંચતી હતી. પરંતુ આ વખતે આખા દેશમાં એક જ અવાજ ગુંજી રહ્યો છે કે જેઓ રામ લઈને આવ્યા છે તેમને અમે પાછા લાવીશું.

મુખ્યમંત્રીએ કહ્યું કે જાણે અયોધ્યા નવી અયોધ્યા બની ગઈ છે. કાશી વિશ્વનાથ ધામ ઝળહળી રહ્યું છે. તેવી જ રીતે, અમે છોટી કાશીને સમાન બ્યુટિફિકેશન સાથે જોડવાનું કામ કરવા જઈ રહ્યા છીએ. ચાર લેન સાથેનો સુંદર કોરિડોર હશે. દરેક ધંધાર્થીઓને પતાવવાનું કામ થશે, કોઈને ઉખેડી નાખવામાં આવશે નહીં. ફક્ત રામ ભક્તો જ આ કરી શકશે, રામ દેશદ્રોહી કરી શકશે નહીં. રામદ્રોહી સપા સરકારના સમયમાં તોફાનો થયા, કર્ફ્યુ થયો, ઉદ્યોગપતિઓ અને દીકરીઓ અસુરક્ષિત હતી. કોંગ્રેસના સમયમાં દેશમાં ઘૂસણખોરી થતી હતી. આતંકવાદ અને નક્સલવાદ વધી રહ્યો હતો અને વિકાસનું કામ અટકી ગયું હતું. ગરીબોને યોજનાઓનું વ્યાપક વિતરણ કરવામાં આવ્યું હતું. આજે ૮૦ કરોડ લોકોને મફત રાશન આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોની સિદ્ધિઓ ગણાવતા સીએમ યોગીએ જનતાને ભાજપની તરફેણમાં મતદાન કરવા અપીલ કરી હતી.

## શિકાગોમાં વધુ એક ભારતીય વિદ્યાર્થી ગુમ, ૨ મેના રોજ પિતા સાથે થઈ છેલ્લી વાત હતી



શિકાગો,

અમેરિકાના શિકાગોમાં એક ભારતીય વિદ્યાર્થી ૨ મેથી ગુમ છે. ૨૫ વર્ષીય માસ્ટર્સ સ્ટુડન્ટ રૂપેશ ચંદ્ર ચિંતકીંડીના ગુમ થવાથી તેના હૈદરાબાદ સ્થિત પરિવારને ચિંતા થઈ ગઈ છે અને તેઓ તેને શોધવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે.

અહેવાલ મુજબ, શિકાગોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ અને સ્થાનિક પોલીસ વિસ્કોન્સિનની કોનકોર્ડિયા યુનિવર્સિટીના માસ્ટરના વિદ્યાર્થી ચિંતકિંડીને શોધવાનો પ્રયાસ કરી રહી છે. શિકાગોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે જણાવ્યું હતું કે, ''કોન્સ્યુલેટ એ જાણીને ખૂબ જ ચિંતિત છે કે ભારતીય વિદ્યાર્થી રૂપેશ ચંદ્ર ચિંતકીંડી ૨ મેથી સંપર્કમાં નથી.'' ''તે રૂપેશ સાથે સંપર્ક કરવા/સ્થાપિત કરવાની આશા રાખે છે.''

શિકાગો પોલીસે પણ લોકો પાસેથી મદદ માંગી છે અને ૨૫ વર્ષીય ભારતીય વિદ્યાર્થીને શોધવામાં મદદ કરી શકે તેવી કોઈપણ માહિતી માંગી છે. રૂપેશ ચિંતાકિંડીએ તેના પિતા સાથે છેલ્લીવાર ૨ મેના રોજ વાત કરી હતી. ''તેમણે કહ્યું કે તે કંઈક કામ કરી રહ્યો છે. પછીથી, હું તેનો સંપર્ક કરી શકચો નહીં, અને ત્યારથી તે ઓફલાઈન છે.''

યુએસમાં ભારતીય વિદ્યાર્થીઓના ગુમ થવાના અહેવાલો વધી રહ્યા છે. ગયા મહિને, ઓહાયોનો એક વિદ્યાર્થી, મોહમ્મદ અબ્દુલ અરફાથ, એક મહિનાથી ગુમ થયા બાદ મૃત હાલતમાં મળી આવ્યો હતો. એક અઠવાડિયા પહેલા અન્ય એક ભારતીય વિદ્યાર્થી ઉમા સત્ય સાઈ ગડ્ડે ઓહાયોમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

## ધોરણ - ૧૦ નું પરિણામ ૧૧ તારીખને શનિવારે જાહેર કરવામાં આવશે

અમદાવાદ,

વિદ્યાર્થીઓ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તેનો સમય આવી ચૂક્યો છે. ધોરણ – ૧૦ નું પરિણામ ૧૧ તારીખે અને શનિવારે જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૦નું પરિણામ સવારે ૮ વાગ્યે સાઈટ પર મુકવામાં આવશે. ગુજરાતમા ધોરણ ૧૦માં ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી છે. બીજી તરફ આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયુ છે. વર્ષ ૨૦૨૩માં ગુજરાત બોર્ડ ૧૦નું ૬૪.૬૨ રિઝલ્ટ આવ્યુ હતુ.

સામાન્ય પ્રવાહમાં બોટાદ જિલ્લો ટોપ પર, જૂનાગઢમાં ઓછું પરિણામ વધારે પરિણામ ધરાવતું કેન્દ્ર ૨૦૨૩માં ધાંગધ્રા ૯૫.૮૫ ટકાએ રહ્યું હતું તેમજ આ વખતે ૨૩૨૪ છાલા ૯૯.૬૧ ટકાએ મોખરે રહ્યું છે. ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ખાવડા ૫૧.૧૧ ટકા રહ્યું છે. વધારે પરિણામ ધરાવતો જિલ્લો બોટાદ ૯૬.૪૦ ટકાએ આગળ રહ્યો છે. જ્યારે જૂનાગઢમાં ૮૪.૮૧ ટકા એ છેલ્લે રહ્યો છે.

આ પરીક્ષા ૩,૭૯,૭૫૯ વિદ્યાર્થીઓ નોધાયા હતા. જેમાંથી પૈકી ૩,૭૮,૨૬૮ ઉપસ્થિત રહ્યા હતા. તેમાથી ૩,૪૭,૭૩૮ પાસ થયેલા છે. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૯૩ % ટકા આવેલ છે.

વર્ષ ૨૦૨૪માં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી પ્રાપ્ત થયુ હોય તેવી ૧૬૦૯ શાળા છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરવાતી શાળાઓની સંખ્યામાં ગયા વર્ષ કરતા ઘટાડો જોવા મળ્યો છે. ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ ધરાવતી ૧૯ શાળાનો સમાવેશ થાય છે.

# સંતરામપુરના પરથમપુરામાં બુથ કેપ્ચરીંગ પ્રકરણમાં ચુંટણી વિભાગ ૧૧મે પુનઃ મતદાન યોજાશે

સંતરામપુર, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામે દાહોદ લોકસભા બેઠક માટે આવેલા મતદાન મથકમાં ફરજ ઉપરના સ્ટાફની હાજરી સામે ભાજપ અગ્રણીના પુત્ર વિજય ભાભોર દ્વારા કરવામાં આવેલ બુથ કેપ્ચરીંગ પ્રકરણમાં ચૂંટણી વિભાગ દ્વારા આગામી ૧૧મી ના રોજ પુનઃ મતદાન યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામે દાહોદ લોકસભા બેઠક માટે આવેલા મતદાન મથકમાં ફરજ ઉપરના સ્ટાફની હાજરી સામે ભાજપ અગ્રણીના પુત્ર વિજય ભાભોરે બુથ કેપ્ચરીંગ કરીને E.V.M મશીન તો આપના બાપનું જ છે અને ચાલે તો વિજય ભાભોર જ ચાલેના સત્તાના નશામાં છાકટા બનેલા આ વિજય ભાભોરે અન્ય મતદારોના મતો પોતે જ ભાજપના ઉમેદવારને મત આપી મતદારોના મતાધિકારને છીનવી લેવાના આ શેખી મારતો વિડીયો પોતાના ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશન ઉપર થી લાઈવ કરેલા આ વિડીયો લોકસભાનું મતદાન પૂર્ણ થયા બાદ આ વીડિયો સોશિયલ મીડિયામાં ધૂમ સ્ટાઈલથી વાયરલ થતા સમગ્ર ગુજરાતમાં રાજકીય અને વહીવટી તંત્રમાં જબરજસ્ત ખડભડાટ પ્રસરી જવા પામી છે .

જો કે, દાહોદ લોકસભા ચૂંટણી માટેના મતદાન પ્રક્રિયા દરમિયાન ભાજપના કાર્યકર દ્વારા કરાયેલા બુથ કેપ્ચરીંગ અને E.V.M મશીનને પોતાના બાપની જાગીર સમજનારા ભાજપ અગ્રણી કાર્યકરના પુત્ર વિજય ભાભોરના કરતુંકોના વાયર થયેલા વિડીયો સામે સત્તાધારી ભાજપના નેતાઓએ તો ભારેખમ મૌન ધારણ કરી લીધું છે. પરંતુ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો.મનીષ દોશીએ ભાજપના નેતાઓ દ્વારા લોકશાહીની હત્યા કરાવી હોવાના ગંભીર આક્ષેપો કરીને કસૂરવાર વહીવટી તંત્ર સામે સખ્ત કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓ નિષ્પક્ષ અને ન્યાયી રીતે યોજાશે અને મતદારો લોકશાહી પર્વમાં નિર્ભય રીતે મતદાન કરશે ના રાજ્ય ચૂંટણી પંચના દાવાઓને ખુલ્લેઆમ પડકાર ફેંકતા ચોંકાવનારા બનાવવામાં દાહોદ લોકસભા બેઠકમાં સમાવેશ સંતરામપુર તાલુકાના પરથમપુરા ગામે આવેલા બુથ નંબર ૨૨૦માં ગઈકાલે જ્યારે મતદાન ચાલુ હતું. ત્યારે સંતરામપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ભા.જ.પ ના વગદાર નેતાના પુત્ર વિજય ભાભોરે આ મતદાન મથકને કબજે કરીને E.V.M જાણે કે રમકડું હોય એમ હાથમાં ગોળ ગોળ ફેરવીને આવી રીતે ના ચાલે આ મશીન તો આપણા બાપનું જ છે અને એક જ ચાલે વિજય ભાભોર જ ચાલે અને સત્તાના નશામાં છાટકા બનેલા વિજય ભાભોરે બુથમાં હાજર મતદારોની હાજરીમાં માટે ભયંકર અપશબ્દો ઉચ્ચારીને મતદાન કરવા આવેલા મતદારોના મતો E.V.M કબ્જે કરીને ભા.જ.પ. ના ઉમેદવારને પોતે જ મતો નાંખી દીધા હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં ધુમ સ્ટાઈલથી વાયરલ થતા વેંત ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ અને જીલ્લા ચુંટણી સત્તાધીશોમાં જબરદસ્ત ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે. આ પ્રકરણમાં ચૂંટણી વિભાગ દ્વારા આગામી ૧૧મીના રોજ પુનઃ મતદાન યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

**મળી કુલ ૬ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા**

**સસ્પેન્ડ થયેલા નામ**

૧. રોહિત કાનાભાઈ ખુશાલભાઈ– પ્રિસાઈડિંગ ઓફિસર
૨. પરમાર ભુપતસિંહ મોતીસિંહ – આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ
૩. સોલ્યા યોગેશભાઈ સોમજીભાઈ – પોલિંગ ઓફિસર
૪. પટેલ મયુરિકાબેન શાંતિલાલ – પોલિંગ ઓફિસર

**સહિત બે પોલીસ કર્મી**

૧ – રાહુલ જીલુભાઈ
૨ – રમણભાઈ છગન માલીવાડ

## બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન ગુમ જાણવા જોગના કામે ગુમ થનાર યુવતીને ગણતરીના દિવસોમાં શોધી કાઢતી બાલાસિનોર તાલુકા પોલીસ



બાલાસીનોર, મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા નાઓએ ગુમ/અપહરણ થયેલ બાળકો તથા વ્યક્તિઓને શોધી કાઢવા મૈખીક સુચનાઓ આપેલ હોય જે અનુસંધાને ના.પો. અધિ. સા. કમલેશ વસાવા નાઓના માર્ગ દર્શન હેઠળ બાલાસિનોર તાલુકા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર નાઓએ બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીને અપહરણ તથા ગુમ થયેલાઓને શોધી કાઢવા સુચના આપેલ.જે અંતર્ગત બાલાસિનોર તાલુકા પો.સ્ટે. જા.જો.નં.૦૮/૨૦૨૪ ના કામે જાહેરાત આપનાર સંજયસિંહ દોલતસિંહ ઝાલા નાઓએ જાહેરાત આપેલ કે, ગુમ થનાર રોશનીબેન વા/ઓ સંજયસિંહ દોલતસિંહ ઝાલા ઉ.વ.૨૪ રહે. વાગવડ્લા તા.બાયડ જી. અરવલ્લી નાઓ ગઈ તા.૨૩/૦૪/૨૦૨૪ નારોજ ગુમ થયેલ છે. જે આધારે ટેક્નીલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સીસ થી પોલીસ ઈન્સપેક્ટર એ.બી. દેવધા નાઓને હકીકત મળેલ કે, બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન ગુ.મ.જા.જો.નં.૦૮/૨૦૨૪ના કામે ગુમ થનાર રોશનીબેન વા/ઓ સંજયસિંહ દોલતસિંહ ઝાલા ઉ.વ.૨૪ રહે.વાગવલ્લા તા.બાયડ જી.અરવલ્લી નાઓ હાલ સાણંદ ખાતે રહેતી હોવાની ચોક્કસ માહિતી આધારે ગુમ થનારની તપાસ કરતા ગુમ થનાર યુવતી મળી આવેલ હોય જે ગણતરીના દિવસોમાં ગુમ થનારને શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરતી બાલાસિનોર તાલુકા પોલીસ.

## અમદાવાદમાં રાજ્યની પ્રથમ પાસપોર્ટ સેવા વાન ખુલ્લી મૂકાશે

અમદાવાદ, અમદાવાદ શહેરમાં થોડા જ દિવસોમાં પાસપોર્ટ વાન સેવા શરૂ થશે. રાજ્યમાં પ્રથમ વખત આજે અમદાવાદ શહેરમાં પાસપોર્ટ વાનને ગુલબાઈ ટેકરા ખાતે આવેલા રિજનલ પાસપોર્ટ કચેરી ખાતે ખુલ્લી મૂકાશે. અરજદારોને ઓનલાઈન અપોઈન્ટમેન્ટ માટે ઓનલાઈન પાસપોર્ટ સેવા વાનનો વિકલ્પ આપવામાં આવશે.પાસપોર્ટ સેવા વાનમાં બે ટેબલો લગાવવામાં આવ્યા છે. આ વાનને એસીથી પણ સજ્જ કરવામાં આવ્યું છે. આ વાનની અંદર બે કોમ્પ્યુટર ચાલી શકે અને બે કર્મીઓ બેસી શકે તેવી વ્યવસ્થાઓથી સજ્જ કરાયું છે. ચંદીગઢ સહિતના ઘણા શહેરોમાં સફળતા મળ્યા બાદ અમદાવાદમાં પણ આ સેવા શરૂર થશે.આ પ્રોજેકટને સફળથા મળ્યા બાદ વધુ ૨ વાનને કાર્યરત કરાશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સુવિધાને પગલે વધતા વેઈટિંગ પિરિયડમાં ઘટાડો જોવા મળશે અને લોકોને ઘર આંગણે આ વ્યવસ્થા થાય તે માટે તેના સમયાંતરે લોકેશનને બદલવાનું પણ જાણવા મળ્યું છે.

## મલેકપુર કિસાન માધ્ય.વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રવાહનું ૭૬.૫૬ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૨.૪૪ ટકા આવ્યું



મલેકપુર, કિસાન માદયમિક વિદ્યાલયના વિદ્યાર્થી દરજી ક્રિશ રાજેશકુમાર સમગ્ર મહીસાગર જીલ્લામાં સામાન્ય પ્રવાહમાં ૫૦ વર્ષ જૂની ગ્રાન્ટેડ શાળા માંથી પ્રથમ નંબર મેળવી કિસાન માદયમિક વિદ્યાલય તેમજ પરિવારનું નામ રોશન કરેલું છે અને વિજ્ઞાન પ્રવાહમાં પણ શાળાના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડમાં સ્થાન મેળવેલું છે. શાળાનું વિજ્ઞાન પ્રવાહમાં પરિણામ ૭૬.૫૬ ટકા અને સામાન્ય પ્રવાહમાં ૯૨.૪૪ ટકા પરિણામ મેળવતા તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય એચવાય પટેલ અને પરિમલ મંડળ સંચાલિત કિસાન માદયમિક વિદ્યાલયના પ્રમુખ મૌલિક.કે .પટેલ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં સારી કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કિસાન માદયમિક વિદ્યાલયનો વિદ્યાર્થી મહીસાગર જીલ્લામાં સામાન્ય પ્રવાહમાં પ્રથમ.

## ભાજપે કોરા કાગળ પર સહી લઈ દુષ્કર્મનો ખોટો કેસ કર્યો,બંગાળના સંદેશખાલીની મહિલાનો ધડાકો

કોલકતા, પશ્ચિમ બંગાળના સંદેશખાલીની રહેવાસી ત્રણમાંથી એક મહિલાએ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ સામે મૂકેલા દુષ્કર્મના આરોપો પાછા ખેંચી લેતાં નવી ચર્ચા છંછેડાઈ છે. પ.બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સંદેશખાલીની રહેવાસી મહિલાએ આરોપ પાછો ખેંચતાં કહ્યું કે મારી પર દુષ્કર્મ થયું જ નથી. તેણે આરોપ લગાવ્યો કે ભાજપના સભ્યોએ મારાથી એક કોરા કાગળ પર સહી કરાવી અને પછી પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

અહેવાલ અનુસાર મહિલાએ કહ્યું કે, ભાજપે મારા પર કોરા કાગળો પર સહી કરવા અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવવા દબાણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ખોટા આરોપો પાછા ખેંચવા બદલ હવે મહિલાએ ધમકીઓ અને સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે મહિલાએ સંદેશખાલી પોલીસ સ્ટેશનમાં નવી ફરિયાદ પણ નોંધાવી છે. સંદેશખાલીમાં મહિલાઓ પર દુષ્કર્મનો કથિત કિસ્સો પ્રકાશમાં આવતાં ભારે હોબાળો મચી ગયો હતો.

અહેવાલ મુજબ મહિલાએ આરોપ લગાવ્યો છે કે સ્થાનિક ભાજપ મહિલા મોરચાના અધિકારીઓ અને અન્ય પાર્ટીના સભ્યો તેના ઘરે આવ્યા હતા. આ પછી તેને નકલી ફરિયાદ પર સહી કરવાનું કહેવામાં આવ્યું હતું. મહિલાએ કહ્યું, એ લોકોએ આવાસ યોજનામાં મારું નામ સામેલ કરવાના બહાને મારી સહી લીધી હતી. બાદમાં મને પોલીસ સ્ટેશન લઈ ગયા, જ્યાં મને દુષ્કર્મની ફરિયાદ નોંધાવવાનું કહેવામાં આવ્યું.ટીએમસી ઑફિસમાં મારી કોઈ જાતીય સતામણી કરવામાં આવી ન હતી. મને ક્યારેય મોડી રાત્રે પાર્ટી ઓફિસ જવા માટે દબાણ કરવામાં આવ્યું નથી.મહિલાએ કહ્યું છે કે જ્યારથી તેણે પોતાનું સ્ટેન્ડ રજૂ કર્યું છે અને દુષ્કર્મના આરોપો પાછા ખેંચ્યા છે ત્યારથી તેના પરિવારને સ્થાનિક ભાજપના અધિકારીઓના સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે. મહિલાએ કહ્યું, અમે અસુરક્ષિત અનુભવી રહ્યાં છીએ અને હવે પોલીસની મદદ માંગી છે."

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક સ્ટિંગ ઓપરેશનનો વીડિયો સામે આવ્યો હતો. તેના પછી જ ભાજપના નેતાઓ પર મહિલા તરફથી આ આરોપો લગાવવામાં આવ્યા છે. આ વીડિયોમાં એક વ્યક્તિ દાવો કરી રહ્યો છે કે સંદેશખાલીમાં ષડયંત્ર પાછળ પશ્ચિમ બંગાળ વિધાનસભાના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીનો હાથ હતો. અહેવાલ મુજબ, ગંગાધર કોયલ નામના ભાજપ મંડલ (બૂથ) પ્રમુખ વીડિયોમાં કથિત રીતે કહે છે કે સંદેશખાલીની મહિલાઓની કોઈ રીતે જાતીય સતામણી કરાઈ નથી. વિપક્ષના નેતાના આદેશ પર તેમને દુષ્કર્મ પીડિત તરીકે આગળ કરાઈ હતી.

## ખાણીપીણીની લારી ચલાવનારના પુત્રને ૧૨ કોમર્સમાં આવ્યા ૯૮.૭૭ પર્સેન્ટાઈલ



રાજકોટ, કહેવાય છે કે સોનાને જેટલું તપવીએ તેટલું વધુ સારુ બને. સામાન્ય જીવનમાં પણ સફળતા મેળવવા માટે સંઘર્ષ અનિવાર્ય છે. ગુજરાતીમાં તો આપણે કહીએ પણ છીએ કે સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય. એટલે કે મહેનતનો કોઈ બીજો વિકલ્પ નથી. રાજકોટના સુજલ દેવાણીએ આ વાતને સાબિત કરી બતાવી છે. આજકાલ બોર્ડની પરીક્ષાનો જે હાઉ ઉભો થયો છે, બાળકોને સારા પરિણામ માટે માતા-પિતા કોઈ જ કચાશ રાખતા નથી, ત્યારે રાજકોટના સુજલ દેવાણીએ માત્ર ત્રણ કલાકના રોજના વાંચન સાથે બોર્ડમાં ૯૮.૭૭ પર્સેન્ટલાઈલ અને ૯૦ ટકા મેળવ્યા છે.

હજી આ તો માત્ર શરૂઆત છે. જો તમે સુજલના સંઘર્ષની વાત જાણશો, તો તમારું મોઢું પણ આશ્ચર્યથી ખુલ્લુ રહી જશે. સુજલ દેવાણીના પિતા મનીષભાઈ દેવાણી રાજકોટમાં ખાણીપીણીની લારી ચલાવી રહ્યા છે. ફૂટપાથ પર નાનકડી રેંકડી ચલાવતા મનીષભાઈની આર્થિક સ્થિતિની તમે કલ્પના કરી શકો છો. જો કે મનીષભાઈ અને તેમના પરિવારે સુજલને મહેનત કરવામાં કોઈ કચાશ આવવા દીધી નથી. સુજલ પણ પોતાના પરિવારનો આભાર માની રહ્યો છે. સુજલ દેવાણીનું કહેવું છે કે,'મારા માતા-પિતાએ ભણવા માટે મને અલગ રૂમની વ્યવસ્થા કરી આપી છે. હું રોજ શાળામાં છ કલાક ધ્યાન આપતો અને ઘરે રોજ માત્ર ૩ કલાક જ અભ્યાસ કરતો હતો.' રોજ માત્ર ત્રણ કલાકના અભ્યાસ છતાંય, સુજલે જબરજસ્ત પરિણામ હાંસલ કર્યું છે.

સુજલના પિતા મનીષભાઈ રોજ રાત્રે બસ સ્ટેન્ડની પાછળ ખાણીપીણીની રેંકડી લગાવે છે. આજે પુત્રએ ૯૦ ટકા મેળવતા આખો દેવાણી પરિવાર ખુશીથી ઝૂમી ઉઠ્યો છે. સુજલના પિતા મનીષભાઈનું કહેવું છે કે,'અમારી આર્થિક સ્થિતિ પહેલા સાવ નબળી હતી. પરંતુ દીકરાને અમારા જેવો સંઘર્ષ ન કરવો પડે, તે માટે અમે ખૂબ મહેનત કરી છે. તેને ભણાવવા પર ધ્યાન આપીએ છીએ. સુજલની સફળતા પાછળ તેની મમ્મીની મહેનત અને કાકાનું માર્ગદર્શન છે.'

બીજી તરફ હવે સુજલનું સ્વપ્ન યુપીએસસી ક્રેક કરવાનું છે. સુજલ યુપીએસસીની અઘરી ગણાતી પરીક્ષા પાસ કરીને આઈએએસ બની દેશસેવા કરવા ઈચ્છી રહ્યો છે. સંઘર્ષની આગમાં તપીને પણ સોળે કળાએ ખીલી ઉઠતા આવા વિદ્યાર્થીઓ આપણા સૌ માટે પ્રેરણા સમાન છે. સુજલને વીટીવી તરફથી ઉજ્જવળ ભવિષ્ય માટે ઓલ ધી બેસ્ટ

## મુસ્લિમ પરિવારને આખા ગામે મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા ભાવુક દ્રશ્યો સર્જાયા

પાલનપુર, વિશ્વમાં માનવતાએ સૌથી મોટો ધર્મ અને તેની પ્રતીતિ કરાવતું ગામ એટલે બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જ્યાં કોમી એકતાના દર્શન થાય છે. હિન્દુ સમાજના આ ગામમાં વર્ષોથી એક જ મુસ્લિમ પરિવારનું ઘર છે અને આ મુસ્લિમ પરિવાર સાથે હિન્દુ સમાજના લોકોનો વર્ષોથી એવો ઘરોબો છે કે આજે મુસ્લિમ ધર્મમાં પવિત્ર ગણાતા મક્કા ધામ હજ યાત્રા માટે આ મુસ્લિમ પરિવારને આખા ગામે તમામ મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા કોમી એકતાના ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જે સમગ્ર ગામમાં હિન્દુ સમાજના લોકો રહે છે. પરંતુ આ ગામમાં વર્ષોથી એક મુસ્લિમ પરિવાર પણ રૂપપુરા ગામમાં વસવાટ કરી રહ્યું છે. આમ તો એવું જોવા મળતું હોય છે કે હિન્દુ અને મુસ્લિમ સમાજની જ્યારે વાત આવે ત્યારે લોકોનો નજરિયો બદલાઈ જતો હોય છે. પરંતુ આ રૂપપુરા ગામે એક અનોખું કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે ૧૯૬૦થી એક મુસ્લિમ પરિવાર રૂપપુરાના હિન્દુ સમાજના ગામમાં વસવાટ કરી રહ્યું છે.આજ સુધી આ મુસ્લિમ પરિવારે હિન્દુ સમાજના લોકો સાથે હળી મળીને નવરાત્રીનો સમય હોય હોળી ધુળેટીનો સમય હોય કે દિવાળી હોય તમામ તહેવારો પણ સાથે ઉજવ્યા છે અને મુસ્લિમ સમાજનો કોઈ તહેવાર હોય તો હિન્દુ સમાજના લોકો પણ તેમની સાથે જોડાઈને ઉજવણી કરતા હોય છે. ૬૦થી વધુ વર્ષોથી ભાઈચારો આ ગામમાં જળવાઈ રહ્યો છે અને રૂપપુરા ગામના ગ્રામજનો આ મુસ્લિમ પરિવારના લગ્નમાં અને મામેરામાં પણ તમામ મદદ પૂરી પાડી અને અનોખો સંદેશો પણ પૂરો પાડ્યો છે. ત્યારે વર્ષો બાદ હવે મુસ્લિમ પરિવારના દીકરાઓ અને તેમનો પરિવાર મુસ્લિમ ધર્મના પવિત્ર ગણાતા યાત્રાધામ એવા મક્કા ખાતે જ્યારે હજ પઢવા માટે જઈ રહ્યો છે. ત્યારે સમગ્ર રૂપપુરા ગામ તેમની મદદે આવ્યું છે અને ગામના રામદેવપીરના મંદિરમાં તેમને ફૂલહાર પહેરાવી ગળે લગાવીને હજ માટેની વિદાય આપવા માટે એકઠા થયા હતા. હિન્દુ સમાજના લોકોનું કહેવું છે કે જ્યારે પણ કોઈ તહેવારની ઉજવણી કરવાની હોય કે લગ્ન પ્રસંગની વાત હોય હંમેશા હિન્દુ સમાજ સાથે આ મુસ્લિમ પરિવાર રહ્યું છે. મુસ્લિમ પરિવારના સાથે તમામ હિન્દુ સમાજના આખા ગામના લોકો રહ્યા છે એટલે કે વર્ષોથી આ ભાઈચારાની ભાવના જોડાઈ રહી છે અને આજે તેઓ હજયાત્રા એ જઈ રહ્યા છે ત્યારે આખા ગામના લોકો પણ ભાવુક બન્યા છે અને તેમની આ પવિત્ર યાત્રા સફળ થાય તે માટે શુભકામનાઓ પણ આપી રહ્યા છે. આજે રૂપપૂરા ગામ તેમની ફૂલહાર સાથે વિદાય આપવા એકઠું થયું છે. આ ગામમાં આટલા વર્ષો થી કોઈ દિવસ મુસ્લિમ પરિવાર અને હિન્દુ સમાજના લોકો વચ્ચે કોઈ અણબનાવ બન્યો નથી અને આ ગામ સર્વ ધર્મ સમભાવની ભાવના સાથે હળી મળી ને રહે છે. રૂપપુરા ગામે રહેતા મુસ્લિમ સમાજના મન્સૂરી પરિવાર હજયાત્રા માટે જઈ રહ્યા છે જેને વિદાય આપવા માટે સમગ્ર ગ્રામજનો એકઠા થયા હતા અને ફૂલહાર પહેરાવી સાલ ઓઢાડીને તેમને વિદાય આપવામાં આવી હતી. જોકે આ વિદાયથી મુસ્લિમ પરિવારના પરિવારજનોએ કહ્યું હતું કે સર્વ ધર્મ સમભાવની ભાવના વર્ષોથી અમે આ રૂપપુરા ગામમાં જોઈ છે અને આ રૂપપુરા ગામના ગ્રામજનો દ્વારા અમને વર્ષોથી એક પરિવાર માનીને સાથે રહીને તમામ તહેવારો કે લગ્ન પ્રસંગ હોય તમામ બાબતે અમને આમંત્રણ આપવામાં આવે છે અને અમે વર્ષોથી હિન્દુ સમાજના લોકો સાથે એક પરિવાર તરીકે રહીએ છીએ અને આજે આ ગ્રામજનોએ અમને બોલાવીને અમારું સ્વાગત કર્યું છે અને અમારી વિદાયમાં અમને જે મદદ કરી છે. અમને જે સહકાર આપ્યો છે તે અમે ક્યારેય ભૂલી શકીએ તેમ નથી અને આ હજની યાત્રામાં અમે દુઆ કરીશું કે રૂપપુરા ગામમાં આ જિલ્લો રાજ્ય અને દેશમાં સુખ શાંતિ રહે અને દરેક ધર્મના લોકો સર્વ ધર્મ સમભાવની ભાવનાથી સાથે રહે તેવી પ્રાર્થના સાથે દુવાઓ કરીશું અને આ ગામ એ સમગ્ર લોકોને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે કે વર્ષોથી એક ભાઈચારાની ભાવના કેવી રીતે કેળવાય અને હિન્દુ સમાજના લોકો વચ્ચે એક મુસ્લિમ પરિવારને જે પ્રેમ સ્નેહ આપ્યો છે તે ક્યારેય ભૂલી શકીએ તેમ નથી. રૂપપુરા ગામનું મુસ્લિમ પરિવાર ગામમાં હંમેશા હળીમળીને રહ્યું છે તો ગામના હિન્દૂ લોકો પણ કોઈ નાતજાત કે ધર્મના ભેદભાવ વગર જીવી રહ્યા છે. જોકે આજદિન સુધી ગામમાં રહેતા મુસ્લિમ પરિવારે કોઈની સાથે ખરાબ વર્તન કર્યું નથી. જોકે આજે હજ પઢવા રવાના થતા પહેલા મુસ્લિમ પરિવારે તેમનાથી કોઈ અજાણતા ભૂલ થઈ હોય તો તે માટે ગામના મંદિરમાં હિન્દૂ ભાઈઓ સામે માફી-સાફી માંગી હતી. જોકે પવિત્ર કામે જતા આ મુસ્લિમ પરિવારે માફી-સાફી કરતા ગામના લોકોએ ગામ લોકોએ તેમની નિખાલસતાને બિરદાવી

## આપની આજ.......

મેષઃઆર્થિક રીતે ઉત્તમ દિવસ છે. તમારા કાર્યોને નવું સ્વરૂપ આપવા માટે વધારે રચનાત્મક રીત અપનાવો. પતિ-પત્ની વચ્ચે ઘરની વ્યવસ્થાને લઈને ગેરસમજ ઊભી થઈ શકે છે.

વૃષભઃ પરણિત વ્યક્તિઓને સાસરિયા પક્ષ સાથે કોઈ પ્રકારનો મતભેદ થઈ શકે છે. વધારે મસાલેદાર ભોજન ટાળો. તમારા કામને નવું સ્વરૂપ આપવા માટે રચનાત્મક ગતિવિધિઓમાં પણ રસ રહેશે.

મિથુનઃ ઘર તથા વ્યવસાયમાં યોગ્ય તાલમેલ જળવાયેલો રહેશે. ધ્યાન રાખો કે ઘરની કોઈ મહત્ત્વપૂર્ણ વાત સાર્વજનિક થઈ શકે છે. આજે સામાજિક ગતિવિધિઓ પ્રત્યે તમારું નિસ્વાર્થ યોગદાન રહેશે.

કર્કઃ સમજદારી અને સાવધાનીથી કામ લેવાનો સમય છે. સ્વાસ્થ્ય સારું રહેશે. ઘરનું વાતાવરણ સુખદ રહેશે. રોકાણ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે.

સિંહઃ વ્યવસાયિક કાર્યોમાં ચાલી રહેલી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. છેલ્લા થોડા સમયથી ચાલી રહેલાં તણાવથી આજે રાહત મળશે.

કન્યાઃ કોઈ જૂના મિત્રને મળવાથી જૂની યાદો તાજા થશે. તમારી કાર્યક્ષમતા અને આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને આગળ વધો. સમય અનુકૂળ છે. કાર્યસ્થળમાં તમારું પ્રભુત્વ જળવાયેલું રહેશે.

તુલાઃ આ સમયે માનસિક શાંતિ જાળવી રાખવી જરૂરી છે. જીવનસાથી તથા પરિવારના લોકોનો તમારા પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. આજે નજીકના લોકો સાથે હળવા-મળવાનું થશે તથા સુખમય સમય પસાર થશે.

વૃશ્ચિકઃ આ સમય કરિયર અને કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરવા માટે વધારે કોશિશ કરવાની જરૂરિયાત છે. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસને ગંભીરતાપૂર્ણ લે. શારીરિક રૂપથી નબળાઈ અનુભવી શકો છો.

ધનઃ કાર્યક્ષેત્રમાં લગભગ મોટાભાગના કાર્યો નિર્વિઘ્ન પૂર્ણ થતાં જશે. ક્યારેક તમારો અતિ આત્મવિશ્વાસ અને ઘમંડ તમને લક્ષ્યથી ભટકાવી શકે છે. આજે થોડા લોકો તમારા કાર્યોમાં વિઘ્ન પેદા કરી શકે છે, તમે ચિંતા કર્યા વિના પોતાના કાર્યો પ્રત્યે સજાગ રહો.

મકરઃ તમારી ભાવનાઓ ઉપર કંટ્રોલ રાખો. ઉધરસ, તાવ અને શરદીમાં સમસ્યા પરેશાન કરી શકે છે. કાર્યક્ષેત્રમાં બધા કામ તમારી દેખરેખમાં જ કરાવશો તો સારું રહેશે. આજે ગ્રહ સ્થિતિ સારી બની રહી છે.

કુંભઃ વધારે કામના કારણે થાક રહી શકે છે. રૂપિયાની લેવડ-દેવડને લઈને કોઈ ગેરસમજ કે નુકસાન થઈ શકે છે. પબ્લિક ડીલિંગ, ગ્લેમર વગેરે સાથે જોડાયેલાં વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થશે.

મીનઃ કાર્યક્ષેત્રમાં વ્યાપારિક મંદીની સ્થિતિ રહી શકે છે. સંબંધોને મધુર જાળવી રાખવામાં તમારું વિશેષ યોગદાન રહેશે. પતિ-પત્નીનો એકબીજાનો સહયોગ ઘરના વાતાવરણને સુખદ અને મધુર જાળવી રાખશે. આ સમયે બિનજરૂરી યાત્રાને ટાળો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૫૧.૫૯ ટકા : સામાન્ય પ્રવાહનું ૮૯.૮૫ ટકા પરિણામ જાહેર થયું

દાહોદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આજરોજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વિજ્ઞાન પ્રવાહનું દાહોદ જીલ્લાનું ૫૧.૫૯ ટકા પરિણામ જાહેર થયું છે જયારે સામાન્ય પ્રવાહનું ૮૯.૮૫ ટકા પરિણામ જાહેર થયા પામ્યું હતું. છેલ્લા કેટલાક વર્ષોથી દાહોદ જીલ્લાનું શિક્ષણ સ્તર ભોય તળીયે હતું. ત્યારે આ વર્ષે પરિણામમાં સુધારો આવતાં જીલ્લાના વાલીઓ, શિક્ષકો તેમજ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં આનંદની લાગણી જોવા મળી હતી.

આજરોજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહૌલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓનો ધસારો શાળાઓ તરફ જોવા મળ્યો હતો, તો ઓનલાઈન પરિણામ જોવા માટે પણ ઓનલાઈન સેન્ટરો પણ પણ વિદ્યાર્થીઓ, વાલીઓ નજરે પડ્યાં હતાં. પરંતુ દર વર્ષની તુલનામાં આ વર્ષે પરિણામ દાહોદ જીલ્લાનું સારૂ આવતાં જીલ્લાના શિક્ષણ વિભાગમાં સુધારો થયો હોય તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય. વિજ્ઞાન પ્રવાહનું ૫૧.૫૯ ટકા અને સામાન્ય પ્રવાહનું ૮૯.૮૫ ટકા પરિણામ આવ્યું છે. પરિણામ સારૂ આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ એકબીજાનું મોંહ મીઠુ કરાવ્યું હતું. વિજ્ઞાન પ્રવાહની વાત કરીએ તો દાહોદ જીલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે કુલ ૧૫૨૦ વિદ્યાર્થીઓ નોંધાંયા હતા. જેમાંથી ૧૫૦૮ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જેમાં એ વન ગ્રેડમાં જીલ્લામાં માત્ર એક વિદ્યાર્થીનો સમાવેશ થયો છે. જ્યારે એ ટુ ગ્રેડમાં ૧૯, બી વન ગ્રેડમાં ૬૫, બી ટુ ગ્રેડમાં ૧૪૩, સી વન ગ્રેડમાં ૨૩૫, સી ટુ ગ્રેડમાં ૨૫૮, ડી ગ્રેડમાં ૫૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. કેન્દ્ર પ્રમાણે પરિણામની વાત કરીએ તો દાહોદ જીલ્લામાં વિજ્ઞાન પ્રવાહના ત્રણ કેન્દ્રો હતા. જેમાં દાહોદ કેન્દ્રનું ૪૯.૮૭ ટકા, લીમખેડા કેન્દ્રનું ૫૨.૧૦ ટકા અને લીમડી કેન્દ્રનું ૫૬.૧૬ ટકા પરિણામ રહેવા પામ્યું છે.

સામાન્ય પ્રવાહની વાત કરીએ તો સામાન્ય પ્રવાહનું દાહોદ જીલ્લાનું ૮૯.૮૫ ટકા પરિણામ આવ્યું છે. જેમાં જીલ્લામાં કુલ ૧૫૮૭૮ વિદ્યાર્થી પૈકી ૧૫૬૭૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં એ વન ગ્રેડમાં ૦૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે, તેવી જ રીતે એ ટુ ગ્રેડમાં ૬૬૪, બી વન ગ્રેડમાં ૨૬૭૫, બી ટુ ગ્રેડમાં ૪૨૧૦, સી વન ગ્રેડમાં ૪૨૮૦, સી ટુ ગ્રેડમાં ૨૦૫૮, ડી ગ્રેડમાં ૧૮૮ ઈ અને ઈ વન ગ્રેડમાં ૦૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. કેન્દ્ર પ્રમાણે પરિણામની વાત કરીએ તો દાહોદ જીલ્લામાં સામાન્ય પ્રવાહના કુલ ૨૨ કેન્દ્રો હતો. જેમાં દાહોદ કેન્દ્રનું ૯૩.૯૪, લીમખેડા કેન્દ્રનું ૮૮.૭૮, ગરબાડા કેન્દ્રનું ૯૪.૮૭, કતવારા કેન્દ્રનું ૭૭.૯૫, જેસાવાડા કેન્દ્રનું ૯૬.૬૭, ઉકરડી કેન્દ્રનું ૯૭.૧૫, રાછરડા હિમાલા કેન્દ્રનું ૯૫.૪૫, અભલોડ કેન્દ્રનું ૯૧.૦૯, દેવગઢ બારીઆ કેન્દ્રનું ૮૬.૩૦, પીપેરો કેન્દ્રનું ૮૪.૦૨, પીપલોદ કેન્દ્રનું ૮૫.૯૪, ઝાલોદ કેન્દ્રનું ૯૧.૮૫, લીમડી કેન્દ્રનું ૯૧.૫૦, સંજેલી કેન્દ્રનું ૮૬.૯૩, સુખસર કેન્દ્રનું ૮૭.૦૯, કારઠ કેન્દ્રનું ૯૧.૧૮, સાગટાળા કેન્દ્રનું ૮૩.૪૫, ફતેપુરા કેન્દ્રનું ૯૨.૫૯, બાંડીબાર કેન્દ્રનું ૯૦.૫૮, નગરાળા કેન્દ્રનું ૯૦.૦૮ અને સીંગવડ કેન્દ્રનું ૮૯.૮૯ ટકા પરિણામ આવ્યું છે. દાહોદ જીલ્લામાં સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ઉકરડી કેન્દ્ર છે અને સૌથી ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર કતવારા કેન્દ્ર છે.

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશ સોસાયટી સંચાલિત શાળાઓની વાત કરીએ તો વિજ્ઞાન પ્રવાહમાં દાહોદ જીલ્લામાં માત્ર એ વન ગ્રેડમાં એકજ વિદ્યાર્થીનો સમાવેશ થયો છે. જેમાં શશીધન ડે સ્કુલમાં આભ્યાસ કરતો ડામોર જાસ્વી ભાવેશનો સમાવેશ થાય છે. ડામોર જાસ્વી ભાવેશે વિજ્ઞાન પ્રવાહમાં ૯૩.૮૫ ટકા સાથે એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે એમ.વાય. હાઈસ્કુલનું ૬૩.૧૧ ટકા પરિણામ, આર. એન્ડ એલ. પંડ્યાં હાઈસ્કુલનું ૩૬.૧૭ ટકા, નવજીવન ગલ્સ હાઈસ્કુલનું ૫૬.૨૫ ટકા અને શશીધન ડે સ્કુલનું ૬૭.૮૫ ટકા પરિણામ આવવા પામ્યું છે. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં પ્રથમ પાંચ ક્રમાંકે સશીધન ડે સ્કુલના ડામોર જાસ્વી ભાવેશ ૯૩.૮૫ ટકા, એમ. વાય. હાઈસ્કુલના સોલંકી સોલંકી શુભમ વી. ૮૫.૩૮ ટકા, આર. એન્ડ એલ. પંડ્યા હાઈસ્કુલના શેઠ હર્ષ જે. ૮૪.૬૯ ટકા, આર. એન્ડ એલ. પંડ્યા હાઈસ્કુલના દરજી પાર્થ કે. ૮૩.૬૯ ટકા અને એમ. વાય. હાઈસ્કુલના સાઠબાવાલા હસુેન કે. ૮૩.૫૩ ટકા પરિણામ સાથે ઉપરોક્ત વિદ્યાર્થીઓ પ્રથમ પાંચ ક્રમાકે આવ્યાં છે.

તેવીજ રીતે દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજયુકેશ સોસાયટી સંચાલિત શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં એ વન ગ્રેડમાં કુલ ૦૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જેમાં એમ. વાય. હાઈસ્કુલના મન્સુરી અરફાન એચ. ૯૪.૭૧ ટકા, પસાયા અર્ચના પી. ૯૦.૭૧ અને નવજીવન ગલ્સ હાઈસ્કુલના પુરવા ઈનાક્ષીબેન જશવંતભાઈ૯૦.૨૯ ટકા સાથે એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. તેની સાથે સાથે પ્રથમ પાંચ ક્રમામે ઉપરોક્ત ત્રણ વિદ્યાર્થીઓની સાથે નવજીવન ગલ્સ હાઈસ્કુલના ધોબી પલક વાસુદેવભાઈ ૮૯.૮૬ ટકા અને એમ.વાય.હાઈસ્કુલના સોઢા સંજય એ. ૮૯.૪૩ ટકા સાથે પ્રથમ પાંચ ક્રમાકમાં સમાવેશ થયો છે.

## ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત બી.એમ.હાઈસ્કૂલનુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ ૫૫.૭૬% અને સામાન્ય પ્રવાહનું ૯૦.૧૯% પરિણામ



ઝાલોદ,

આજરોજ ૦૯-૦૫-૨૦૨૪ ગુરૂવારના રોજ ગુજરાત માદયમિક અને ઉચ્ચતર માદયમિક બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવાના આવ્યું હતું. આ પરીક્ષામાં કેળવણી મંડળ સંચાલિત બી.એમ.હાઈસ્કૂલ સંચાલિત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમા કુલ ૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૨૯ વિદ્યાર્થી પાસ થતા પરિણામ ૫૫.૭૬% આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે પઠાણ અલવિરા એસ. ૭૦૦/૬૩૨-૯૦.૨૮%, બીજા નંબરે પટેલ મુલ્લશીરા.આર ૭૦૦/૬૨૬- ૮૯.૪૨% તેમજ ત્રીજા નંબરે પંચાલ રિયા જીતેન્દ્ર ૭૦૦/૬૦૯ - ૮૭.૦૦% લાવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.સામાન્ય પ્રવાહમાં કુલ ૨૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૨૩૦ વિદ્યાર્થીઓ પાસ થતા બી.એમ.હાઈસ્કુલનું પરિણામ ૯૦.૧૯% આવેલ હતું. સામાન્ય પ્રવાહમાં પ્રથમ નંબરે પ્રજાપતિ વંશીકાબેન માંગીલાલ ૬૫૦/૪૬૯-૭૨.૧૫%, બીજા નંબરે ડામોર નિરંજના ચુનીલાલ ૬૫૦/૪૫૨-૬૯.૫૩% તેમજ ત્રીજા નંબરે વસૈયા કરણસિંહ આનંદસિંહ ૬૫૦/૪૪૫-૬૮.૪૬% લાવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. દરેક વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા બદલ આચાર્ય મિત્તુલ પટેલે સહુને અભિનંદન પાઠવ્યા હતા.

## સંજેલીમાં ૨૦૨૧ની સાલમાં જવેલર્સ દુકાનમાં ૫,૨૫,૫૪૩/-રૂપીયા બાકીમાં લઈ આવેલ ચેક બાઉન્સના કેશમાં આરોપી ૧ વર્ષની કેદની સજા

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી નગરમાં વર્ષ ૨૦૨૨ની સાલમાં ગામના એક જવેલર્સની દુકાન માંથી એક વ્યક્તિએ લગ્ન પ્રસંગ માટે સોનાના દાગીનાની જરૂર હોય જવેલર્સની દુકાનેથી રૂા.૫,૨૫,૫૪૩ રૂપીયાના સોનાના દાગીનાની ખરીદી કરી હતી અને નાણાં બાકી રાખ્યાં હતા. ત્યારે અવાર નવાર નાણાંની માંગણી કરતાં જવેલર્સને વ્યકિતએ પોતાના બેન્ક ખાતાનો ઉપરોક્ત બાકી નાણાંનો ચેક આપતાં આ ચેક વેપારીએ પોતાના બેન્ક ખાતમાં નાંખતા ચેક બાઉન્સ થયો હતો જેને પગલે વેપારીએ કોર્ટમાં ફરિયાદ કરતાં ગતરોજ આ કેસનો ચુકાદો આવતાં સંજેલીના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસની કોર્ટના જજ દ્વારા આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ જેટલુ વળતર ચુકવવા આદેશ કરતાં કોર્ટ સંકુલમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

વર્ષ ૨૦૨૨ની સાલમાં સંજેલીના ઝરોરલ, વાંસીયા ગામે રહેતાં રામસીંગભાઈ મતભાઈ ડીંડોરના પરિવારમાં લગ્ન પ્રસંગ હોય સંજેલી ગામમાં રહેતાં અને સોના-ચાંદીનો વેપાર કરતાં અને સંજેલી નગરમાં જવેલર્સની દુકાન ધરાવતાં વસંતકુમાર પ્રકાશચંદ્ર જૈનની દુકાને રામસીંગભાઈ ગયાં હતાં અને જયાંથી રૂા.૪,૨૫,૫૭૩ની કિંમતના સોનાના દાગીનાની ખરીદી કરી હતી. આ નાણાંની ચુકવણી માટે સમયમર્યાદા માંગી હતી, પરંતુ સમયમર્યાદા વીતી ગયા બાદ પણ રામસીંગભાઈએ વસંતકુમારને નાણાં ન ચુકવતાં અવાર નવાર વસંતકુમાર રામસીંગભાઈ પાસે નાણાંની માંગણી કરતાં ગત તા.૦૬.૦૬.૨૦૨૨ના રોજનો વસંતકુમારના નામનો રામસીંગભાઈએ પોતાના બેન્ક ખાતાનો ચેક લખી આપ્યો હતો. ત્યારે નિયત તારીખ પ્રમાણે વસંતકુમારે પોતાની બેન્કમાં કેચ નાંખતાં રામસીંગભાઈના બેન્ક ખાતામાં નાણાં અભાવે ચેક રિટર્ન થયો હતો. આ બાદ વસંતકુમાર દ્વારા કોર્ટમાં ફરિયાદ કરતાં આ કેસ સંજેલીના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ ક્લાસની કોર્ટમાં ચાલી જતાં ગતરોજ આ કેસનો ચુકાદો આવ્યો હતો. જેમાં આરોપી રામસીંગભાઈ મતાભાઈ ડીંડોરને એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ જેટલુ વળતર ચુકવવા તેમજ આરોપી રામસીંગભાઈ વળતર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૦૩ માસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો.

## ગરબાડા પોલીસે ખારવા માંથી પુષ્પા સ્ટાઈલમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો



ગરબાડા,

આમ તો ગુજરાતમાં દારૂબંધી છે, તેમ છતાં બુટલેગરો પોલીસની આંખમાં ધૂળઝોખી મદયપ્રદેશમાંથી ગુજરાતમાં વારમ વાર અવનવા કીમિયાઓ અજમાવી દારૂનો જથ્થો ઘુસાડતા હોય છે. ત્યારે આજે ગરબાડા પોલીસે પુષ્પા સ્ટાઈલમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં લઈ જવા તો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસને બાતમી મળી હતી કે ખારવા ગામ ખાતે થી વિદેશી દારૂનું જથ્થો ભરીને ટ્રેકટર પસાર થનાર જે બાતમીના આધારે ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઈ. જે.એલ.પટેલ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ટ્રેક્ટરનો પીછો કરી ટ્રેક્ટરને ઝડપી પાડ્યું હતું. જેમાં પોલીસે ટ્રેક્ટરની ટ્રોલીને હાઈજેક કરી ટ્રોલીની નીચે પુષ્પા સ્ટાઈલમાં સંતાડેલો ૬૬,૨૪૦ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી એક ઈસમ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ દ્વારા મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતા બુટલેગર આલમમાં કયાંક ને કયાંક ફફડાટ જોવા મળ્યો હતો.

## ઝાલોદ નગરના ઘાવડીયા મુકામે થી ૧૨,૭૩૨ નો વિદેશી દારૂ ઝડપાયો : જ્યુપીટર મૂકી ચાલક ફરાર

ઝાલોદ,

ઝાલોદ નગરમાં પોલીસ પેટ્રોલીંગમા હતી. તે દરમ્યાન તેમણે ચોક્કસ બાતમી મળેલ હતી કે નંબર વગરની કેસરી કલરની જ્યુપિટર ગાડી પર એક ઈસમ વિદેશી દારૂ લઈને આવી રહેલ છે. બાતમી મુજબ ઘાવડીયા ગામે સેજુ ફળીયામાં વોચ કરતા ત્યાં બાતમીવાળું વાહન આવતા તેને રોકવાનો પ્રયાસ કરાતાં ચાલક દ્વારા ગાડી વળાવી ગાડી થોડે દૂર મૂકી ઝાડી ઝાંખરાનો લાભ લઈ નાશી ગયેલ હતો. પોલીસ દ્વારા જ્યુપિટર ગાડી ચેક કરાતા ગાડી ઉપર તેમજ ગાડીની ડીકી માંથી ૧૧૭ નંગ વિદેશી દારૂની બોટલ જેની આશરે કિંમત ૧૨,૭૩૨ સાથે જ્યુપિટર ગાડીની કિંમત ૩૦,૦૦૦ સાથે કુલ ૪૨,૭૩૨ નો મુદ્દામાલ ઝડપી પોલીસ દ્વારા અજાણ્યા ઈસમ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## કમાન્ડર જીપ ચાલક દ્વારા વાહન ગફલત રીતે હંકારતા બાઈક ચાલકનું મોત

ઝાલોદ,

ગોવિંદભાઈ કીડીયા ડામોર તેમની સાસરીમાં ઝાલોદ તાલુકાના લીમડી પાસે આવેલ પારેવા ગામે પોતાની સ્પલેન્ડર બાઈક GJ-20-0990 જઈ રહેલ હતા. ત્યારે પારેવા ગામની હાંડી ચોકડીએ કમાન્ડર જીપ GJ-17-C-2044 ના ચાલક દ્વારા ગફલત રીતે પુરઝડપે હંકારતા બાઈક ચાલકને અડફેટે લીધેલ હતું. બાઈક સવાર ઈજાગ્રસ્ત ગોવિંદભાઈને તાત્કાલિક દાહોદ ઝાયડસ હોસ્પિટલમા ખસેડવામાં આવેલ હતા. ત્યાં ત્રણ દિવસની સારવાર બાદ ઈજાગ્રસ્ત ગોવિંદભાઈનું મૃત્યુ થયેલ હતું. મૃતકના ભાઈ દ્વારા અજાણ્યા કમાન્ડર જીપ ચાલક વિરૂધ્ધ લીમડી પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ કરવા ફરિયાદ કરેલ છે.

## લોકસભાની ચૂંટણી પત્તાની સાથે જ ગરબાડા પોલીસ એક્સન મોડમાં જાહેર માર્ગો પર ટ્રાફિક કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી



ગરબાડા,

આગામી થયેલી લોકસભાની ચૂંટણીને લઈને ગરબાડા પોલીસ ચુંટણીની કામગીરી વ્યસ્ત જોવા મળી હતી. ચૂંટણી પત્યાની સાથે જ ગરબાડા નગરમાં થતી ટ્રાફિકની કાયમી સમસ્યા તેમજ ગેરકાયદેસર જાહેર રસ્તા ઉપર કરેલા દબાણો દૂર કરવા માટે ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઈ. તેમજ પોલીસ સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરી હતી. જેમાં પોલીસે ગરબાડાના વિવિધ વિસ્તારોમાં જાહેર રસ્તા ઉપર પાર કરેલી મોટર સાયકલ તેમજ જાહેર રસ્તા ઉપર લગાવેલી હાથ લારીઓ અને રસ્તા ઉપર દબાણ કરતા ૫ લારી/દુકાનવાળા તેમજ ૯ વાહન ચાલકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, આગળ પણ ગરબાડા પોલીસ દ્વારા ગરબાડા ના વિવિધ વિસ્તારોમાં જાહેર રસ્તા ઉપર કરેલા દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ થોડા સમય પછી ફરીથી દબાણ કરતા વધુ દ્વારા જાહેર રસ્તા ઉપર દબાણ કરતા પોલીસ દ્વારા ફરીથી દબાણો દૂર કરવાની તેમજ રોડ વચ્ચે વાહન પાર્ક કરનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની કામગીરી હાથ ધરી હતી.

## પેથાપુર પંચાલ સમાજ દ્વારા અમાવસ્યાના દિવસે વિશ્વકર્મા દાદાની આરતી કરવામાં આવી



દાહોદ,

ઝાલોદના પેથાપુર પંચાલ સમાજ દ્વારા વિક્રમ સવંત ૨૦૮૦ ચૈત્ર અમાવસના દિવસે પંચાલ સમાજના કુલ દેવતા વિશ્વકર્મા પ્રભુના વંશજો દ્વારા પંચાલ જાતિના કુળદેવતાની અમાવસ્યા આરતી પૂજન કરવામાં આવેલ. દર માસના અમાસના દિવસે પંચાલ સમાજ દ્વારા ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં અમાવસ્યાની આરતીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ સામાજીક પ્રસંગ થકી સમાજની એકતા અને એકજુટતા જળવાય રહે છે અને પંચાલ સમાજના કુળદેવતાના સમાજ દ્વારા અમાવસના દિવસે પૂજન આરતી કરીને ઉજવવામાં આવે છે.

## દે.બારીઆના ભથવાડા ટોલ બુથ પીકઅપ ગાડી માંથી ૪.૬૫ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક પીકઅપ બોલેરો ફોર વ્હીલર ગાડી માંથી રૂા. ૪,૬૫,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૮,૬૭,૬૦૦નો મુદ્દમાલ કબજે કર્યાનું જ્યારે બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડીનું પાયલોટીંગ કરી રહેલ અન્ય એક પીકઅપ ગાડીનો ચાલક પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૮મી મેના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે દેવગઢ બારીઆના ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક પીકઅપ બોલેરો ફોર વ્હીલર ગાડી પસાર થઈ હતી. ગાડીમાં સવાર ચાલક અલ્પેશભાઈ અર્જુનભાઈ ચૌહાણ (રહે. બાજીપુરા, દરબાર ચોક, તા. ઉમરેઠ, જી. આણંદ)ની પોલીસે પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાં થ્રેસરથી પીસેંલ ઘાસની ભુકીની આડમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૪૩૨૦ કિંમત રૂા.૪,૬૫,૬૦૦ના જથ્થા સાથે પોલીસે ગાડીની કિંમત મળી કુલ રૂા.૮,૬૭,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ચાલકની પુછપરછ કરતાં પોતાની પીકઅપ બોલેરો ગાડીનું પાયલોટીંગ કરી રહેલ કરણસીંહ રૂપસીંહ ચૌહાણ (રહે. બાજીપુરા, તા. ઉમરેઠ, જી. આણંદ)નો પોતાના કબજાની પીકઅપ ગાડી લઈ નાસી ગયો હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરતાં આ સંબંધે પીપલોદ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના સુખસર ખાતે લઘુમતી સમાજના સભ્યો વચ્ચે મારામારી થતા ગુનો દાખલ કરાયો

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસરમાં ગતરોજ રાત્રિના દસેક વાગ્યાના અરસામાં મુસ્લિમ સમાજના સભ્યો વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થતા મારા મારી ઉપર ઉતરી આવ્યા હતા. જેમાં કેટલાક લોકો હાથમાં તલવાર તથા લાકડી લઈ દોડી આવી લાકડી તથા ગડદાપાટુનો મારમારી બિભત્સ ગાળો આપતાં સાત જેટલા આરોપીઓની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ બુધવાર રાત્રિના સુખસર ગામે મસ્જીદમાં ઈમરાન ભાઈ રજાકભાઈ મોઢિયા નમાજ પઢવા માટે ગયેલા હતા અને નમાજ પડ્યા બાદ મસ્જીદની બહાર ઉભા હતા. તેવા સમયે ગફારભાઈ સત્તારભાઈ સીસોલી, સિકંદર ગફાર સીસોલી નાઓ હાથમાં તલવાર તથા આદિલ ગફાર સિસોલી તેમજ હરીશ હારૂન સિસોલી હાથમાં લાકડી લઈને આવી સલીમભાઈ મોઢીયાને ડાબા ગાલ ઉપર લાકડી મારી દીધેલ.અને કહેતા હતા કે, તમો મસ્જિદમાં કેમ નમાજ પડવા આવ્યા છો ? તેમ કહીને પથ્થર મારો કરતા ઈમરાન ભાઈ એકદમ મસ્જિદની આગળથી બહાર આવતા રહેલ તેવામાં પાછળથી રિઝવાન મોઈદીન ચાંદાઆદિલ રફિક ગવરાને ઝપાઝપી કરતા ગડદાપાટુનો માર મારવા લાગેલ અને શરિરે પહેરેલ નવું બુશટ ફાડી નુકસાન કરી આપેલ. જેથી વધુ માર મારશે તેમ કરી ઘરે જવા નીકળેલ તેવા સમયે ફારૂક મજીદ સિસોલી ફરીયાદી સાથે ઝપાઝપી કરતા ફરિયાદી એકદમ દોડીને મસ્જિદની બાજુમાં આવતા હતા. તેવામાં અરબાજ રફીક સિસોલી નાઓ તેના હાથમાંની લાકડી સાજીદ મહંમદ મોઢીયાને મોઢાના ભાગે મારી માઁ-બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરવા બાબતે ૮ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ઉપરોકત બાબતે સુખસરના ઈમરાનભાઈ રજાકભાઈ મોઢિયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા ગફાર સતાર સિસોલી,સિકંદર ગફાર સિસોલી, આદિલ ગફાર સિસોલી, હરીશ હારૂન સિસોલી, રિઝવાન મોઈદીન ચાંદા, ફારૂક મજીદ સિસોલી, સોહબ ઈસુબ સિસોલી તથા અરબાજ રફીક સીસોલી વિરૂદ્ધમાં ઈ.પી.કો કલમ-૩૨૩,૨૯૪(ખ)૫૦૬(૨) ૩૩૬,૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.219

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા ખાતે યોજાયેલી NEETની પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાસેથી ૧૦ લાખ રૂપિયા લઈ ચોરી કરાવવાનું મસ્ત મોટું કૌભાંડ ઝડપાયુ








### પરીક્ષાર્થીને પાસ કરવા અને મેરીટ માટે ૧૦ લાખ નકકી થયા.

જય જલારામ સ્કુલના તુષાર ભટ્ટની પુછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, ગોધરા હિલ સોસાયટીમાં રહેતા આશીફ વોરા દ્વારા ૬ પરીક્ષાર્થીઓના નામનું લીસ્ટ આપ્યું હતું અને એક પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા પાસ કરવા તેમજ મેરીટમાં આવે તે માટે નકકી કરાયા હતા.

### નીટ પરીક્ષામાં આવડતા પ્રશ્નો લખી જવાબવહી કોરી મુકયા બાદ જવાબ લખવાના હોવાનો ખુલાસા

નીટની પરીક્ષામાં નકકી થયેલ પરીક્ષાર્થીઓને પરીક્ષામાં આવડતા પ્રશ્નોના જવાબ લખવાના હતા. બાકીના જવાબ ઉત્તરવહીમાં જે તે સ્થિતીમાં કોરા મુકી દેવાના હતા. જે પરીક્ષા પુરી થયા અને સુપરવાઈઝર પરીક્ષા ખંડ માંથી લેબમાં આવે અને OMR શીટ જમા કર્યા બાદમાં નકકી કરેલા રોલ નંબરવાળા પરીક્ષાર્થીઓના જવાબવહીમાં જવાબ લખી આપવાનું જણાવ્યું હતું.

### શાળામાં નીટ પરીક્ષાનો ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તુષાર ભટ્ટની ગાડી માંથી ૭ લાખની રોકડ મળી.

- નીટ પરીક્ષામાં પેપર સોલ્વ કરી પાસ કરવા તેમજ મેરીટમાં લાવવા ૧૦ લાખ નકકી કરાયા.
- ૭ લાખ રૂપીયા આશીફ વોરાએ તુષાર ભટ્ટને આપ્યા હતા.
- ગોધરા તાલુકા પોલીસ મથકે તુષાર ભટ્ટ, પરશુરામ રોય અને આશીફ વોરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ.

### જય જલારામ સ્કુલ પરવડી ચોકડી અને થર્મલના પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની યાદી મળી.

પરવડી ચોકડી જય જલારામ સ્કુલમાં જીલ્લા શિક્ષણાધિકારીની ટીમની તપાસ દરમિયાન તુષાર ભટ્ટના હાથમાં રાખેલ લીસ્ટ માંગવામાં આવ્યા હતા. આ લીસ્ટમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં થર્મલ જય જલારામ સ્કુલ અને પરવડી ખાતે આવેલ જય જલારામ સ્કુલ નીટ સેન્ટર નંબર લખ્યા હતા. થર્મલ સેન્ટરના લીસ્ટમાં ૨૦ પરીક્ષાર્થીઓના નામો વાદળી તથા લાલ પેનથી લીટી દોરીને માર્કિંગ કરેલ હતા. જ્યારે પરવડી જય જલારામ સ્કુલના લીસ્ટમાં ૬ પરીક્ષાર્થીઓના નામોની લાલ બોલપેરની લીટી દોરી માર્કીંગ કરેલ મળી આવ્યા હતા. આ બન્ને લીસ્ટ તુષાર ભટ્ટના મોબાઈલ ફોન વોટસએપ તેમજ ગેલેરીમાં મળેલ આ બાબતે પુછતા આ પરીક્ષાર્થીઓ નીટ પરીક્ષામાં બેસનાર છે. તેવો ખુલાસો કર્યો હતો.

ગોધરા,
પંચમહાલ જીલ્લા કલેકટરને મળેલ બાતમીના આધારે નીટ પરીક્ષા કેન્દ્ર ગોધરા પરવડી ચોકડી જય જલારામ સ્કુલ ઉપર જીલ્લા અધિક કલેકટર અને જીલ્લા શિક્ષણાધિકારીની ટીમો દ્વારા તપાસ કરવામાં આવતાં પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટની ગાડી માંથી ૭ લાખ રૂપીયા રોકડા મળી આવ્યા હતા. પરીક્ષા ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટના મોબાઈલ ફોનના વોટસઅપ ગૃપના શેરમાં કુલ ૬ વિદ્યાર્થીઓને ચોરી કરાવી એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા લેવાનું નકકી કરાયાનું તપાસમાં સામે આવતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં જય જલારામ સ્કુલના શિક્ષક તુષાર ભટ્ટને સ્કુલ માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લા કલેકટરને બાતમી મળી હતી કે, ગોધરા પરવડી ચોકડી જય જલારામ સ્કુલમાં યોજાનાર નીટની પરીક્ષામાં ગેરરીતિ આચરનાર હોય તેવી ચોકકસ માહિતીના આધારે જીલ્લા કલેકટર દ્વારા જીલ્લા અધિક કલેકટર અને જીલ્લા શિક્ષણાધિકારી કે.એમ.પટેલને તપાસ સોંપવામાં આવી હતી. મળેલ માહિતીના આધારે જીલ્લા શિક્ષણાધિકારી તેઓની ટીમ સાથે પરવડી ચોકડી જય જલારામ સ્કુલમાં સવારે ૧૦ વાગ્યાના સમયે પહોંચ્યા હતા. જયાં પ્રિન્સીપાલનની ઓફિસમાં શાળાનો સ્ટાફ હાજર હતો. જયાં તમામની પુછપરછ હાથ ધરાઈ હતી. તપાસમાં પરીક્ષા સેન્ટર ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ તુષાર ભટ્ટ હાજર હોય તુષાર ભટ્ટના બે મોબાઈલ ફોન કબ્જે લઈને તપાસ હાથ ધરવામાં આવતાં બે મોબાઈલ પૈકી એક મોબાઈલ ફોનની તપાસ દરમિયાન વોટસએપ માંથી પરશુરા રોય નામની ચેટમાં કોમ્પ્યુટર સ્કીન માંથી મોકલેલ ત્રણ ફોટો મળી આવ્યા હતા. આ ચેટમાં ૧૧ પરીક્ષાર્થીઓના નામો રોલ નંબર અને પરીક્ષા કેન્દ્રનું સરનામું લખેલ મળી આવ્યું હતું. જ્યારે બીજા મેસેજ માંથી પરીક્ષાની વિગતો મળી આવી હતી. આ બાબતે જીલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા પુછપરછ કરવામાં આવતાં વડોદરાના રોય ઓવરસીસના માલિક પરશુરામ રોય દ્વારા મોકલી હોવાની કબુલાત કરી મોબાઈલ ફોન માંથી મળેલ મેસેજમાં જણાવ્યા મુજબ નામવાળા પરીક્ષાર્થીઓ અમારી નીટ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા આપવા આવનાર છે. તેવા પરીક્ષાર્થીઓએ પેપર સોલ્વ કરી આપવા માટે એક પરીક્ષાર્થી દીઠ ૧૦ લાખ રૂપીયા લેવાનું નકકી કરાયું હતું. જય જલારામ સ્કુલ પરવડી શાળાના શિક્ષક અને ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તુષાર ભટ્ટને અન્ય પરીક્ષાર્થીઓનું પુછતા યોગ્ય જવાબ આવ્યો ન હતો. જેથી મોબાઈલ ફોનની તપાસ કરતાં મોબાઈલ ફોન ગેલેરીમાં બોલપેનથી લખેલ પરીક્ષાર્થીનું નામ, રોલ નંબર તથા થર્મલ લખેલો ફોટો મળી આવ્યો. આ બાબતે તુષાર ભટ્ટને પુછતા જલારામ ગૃપની થર્મલ તથા ગોધરા ખાતે આવેલ સ્કુલમાં નીટની પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓના નામ અને રોલ નંબરનું લીસ્ટ છે અને તેઓને પેપર સોલ્વ કરી આપવાનું જણાવેલ છે. તુષાર ભટ્ટની ગાડી માંથી મળેલ ૭ લાખ રૂપીયા આશીફ વોરાએ એડવાન્સ પેટે આપ્યા હતા. આ બાબતે જીલ્લા શિક્ષણાધિકારીએ ગોધરા તાલુકા પોલીસ મથકે તુષાર ભટ્ટ, પરશુરામ રોય, આશીફ વોરા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાની સગીરાને ભગાડી દુષ્કર્મના ગુનામાં આરોપી ઈમરાન બાગવાલનો કેશ કોર્ટમાં ચાલી જતાં ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,
ગોધરા તાલુકાના એક ગામની સગીરાને આરોપી ઈમરાન સલીમભાઈ બાગવાલા (રહે. વેજલપુર,કાલોલ) પટાવી ફોસલાવી શારીરિક શોષણ કરવાના ઈરાદે વાલીપણા માંથી ભગાડી ગયાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ હોય આ ગુનામાં આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. ચાર્જશીટ રજુ કરતાં સ્પે.જજ અને બીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી.ગોધરા તાલુકાના એક ગામની સગીરાને આરોપી ઈમરાન સલીમભાઈ બાગવાલા (રહે. વેજલપુર,કાલોલ) પટાવી ફોસલાવી સગીરાનું શારીરિક શોષણ કરવાના ઈરાદે ભગાડી ગયેલ હતા અને સગીરા સાથે દુષ્કર્મ આચરેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી ઈમરાન સલીમભાઈ બાગવાલાને ઝડપી પાડવામાં આવ્યો હતો અને ચાર્જશીટ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. આ કેશ સ્પે.જજ તથા બીજા એડી.સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ આર.એમ.ગોહિલ દ્વારા દલીલો રજુ કરતા કોર્ટે દલીલો માન્ય રાખી હતી. આરોપી ઈમરાન સલીમભાઈ બાગવાલાને ૨૦ વર્ષની સખત કેદની સજા કોર્ટે ફટકારી છે.

## કાલોલ પોલીસના પશુ તસ્કરી અને ડીસા પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનાનો વોન્ટેડ આરોપીને એલ.સી.બી.એ ઝડપ્યો



કાલોલ,
કાલોલ પોલીસ મથકના પશુ તસ્કરી ગુનામાં તેમજ ડીસા પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનાનો વોન્ટેડ આરોપી જાફર બીલાલ ડમરી પોતાના ઘરે હાજર છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરીને ઝડપી પાડવામાં આવ્યો.
પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ પોલીસ મથક પશુ તસ્કરીના ગુનામાં તેમજ બનાસકાંઠા ડીસા પોલીસ મથકના ઘરફોડ ચોરીના ગુનામાં આરોપી જાફર બીલાલ ડમરી (રહે. ગોન્દ્રા સર્કલ બર્ગરખાન હોટલ પાસે) નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આ આરોપી અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, જાફર બીલાલ ડમરી તેના ઘરે હાજર છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે રેઈડ કરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો અને કાલોલ પોલીસને સોંપવામાં આવ્યો.

## કાલોલ પોલીસ મથકના પશુ તસ્કરીમાં વોન્ટેડ આરોપીને કોઠી ત્રણ રસ્તા ખાતેથી ઝડપ્યો



કાલોલ,
કાલોલ પોલીસ મથકના પશુ તસ્કરીના ગુનાનો આરોપી રમીઝ રમજાની મીઠા નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય તેના અંગે એલ.સી.બી.પોલીસને મળેલ બાતમીના આધારે કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા દારૂસલામ મસ્જીદ એકલીવાડી શેખ મજાવર રોડ ખાતે રહેતા આરોપી રમીઝ રમજાની મીઠા વિરૂદ્ધ કાલોલ પોલીસ મથકે પશુ તસ્કરીના ગુનામાં ફરિયાદ નોંધાયેલ હોય અને નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આ આરોપી અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, હાલમાં કોઠી સ્ટીલમાં ત્રણ રસ્તા પાસે ઉભેલ છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને આરોપીને ઝડપી પાડી કાલોલ પોલીસને સોંપવામાં આવ્યો.

## ગોધરા ખોટા દસ્તાવેજથી જમીન પચાવી પાડવાના બી ડીવીઝન પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ આરોપીને એલ.સી.બી.પોલીસે ઝડપ્યો



ગોધરા,
ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના ખોટા બનાવટી દસ્તાવેજ બનાવી ખોટા વ્યકિત ઉભો કરી જમીન પચાવી પાડવાના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી અબ્દુલ રઝાક એહમદ સઈદ કલંદરને એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો.
ગોધરા બી ડીવીઝન પોલીસ મથકમાં ગોધરા કસ્બાની જમીન પચાવી પાડવા માટે ખોટા બનાવટી દસ્તાવેજ બનાવી તેમજ ખોટા વ્યકિતને ઉભો કરી જમીન પડાવી લેવાના ગુનાની ફરિયાદ નોંધાયેલ હોય આ ગુનામાં આરોપી અબ્દુલ રઝાક એહમદ સઈદ કલંદર (રહે. મોહમદી મસ્જીદ પાસે, મોહમદી સોસાયટી, ગોધરા) નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આ આરોપી અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, આરોપી હાલમાં કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે ઉભો છે. તેવી બાતમીના આધારે આરોપીને ઝડપી પાડી બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો.

## મોરવા (રેણા)ના માજી સરપંચ પર ચૂંટણીમાં રીસ રાખી અન્ય માજી સરપંચ સહિત ત્રણનો હુમલો

મોરવા (રેણા)ના ભૂતપૂર્વ સરપંચ નટુભાઈ વણકર વર્તમાન સમયમાં સમાજસેવી તરીકે કામ કરી રહ્યા છે. મંગળવારે ચૂંટણીનું મતદાન કરવા મોરવા (રેણા) પત્ની અને બે સંતાનોને લઈ પહોંચ્યા હતા. જ્યાં બપોરે મતદાન કરી પરિવારને ઘરે મૂકી મોરવા ગયા હતા. જ્યાં ચૂંટણીથી બજારો બંધ હતા આથી તેઓ પરત મોરવા(રેણા) આવી કેટલું મતદાન થયું છે તે જાણવા માટે સાંજે પ્રાથમિક શાળા પાસે ઉભા હતા. ત્યારે નરેન્દ્ર તલારે કહ્યું કે તારો અહીં મત નથી તો તું કેમ આવ્યો છું. આથી નટુભાઈએ કહ્યુ હું અહીંનો વતની અને ભૂતપૂર્વ સરપંચ હોવાથી આવ્યો છું. એમ જણાવતા નરેન્દ્ર તલારે ફેટ પકડી હતી. આથી તેનું ઉપરાણું લઈ મોરવા(રેણા) ના જ ભૂતપૂર્વ સરપંચ રંગીતભાઈ પટેલિયા, રજનીકાંત તલાર અને જશવંત તલારે ભેગા મળી માર મારવા લાગ્યા હતા. જાતિવિષયક અપમાનિત કરી આને મારી નાખોએ વખતે નટુભાઈની પત્ની અને નાનાભાઈ શિવાભાઈ વણકર, મંજુલાબેન શિવાભાઈ વણકરે આવીને નટુભાઈને છોડાવ્યા હતા. આ સમયે નટુભાઈનો પુત્ર હર્ષિલ પણ ત્યાં આવી જતા તે પણ માર મારવા લાગ્યો હતો. પરંતુ બીજા લોકો આવી જતા હુમલાખોરો ત્યાંથી નાસી છૂટચા હતા. નટુભાઈને મૂઢ માર વાગ્યો હોઈ તેઓને ખાનગી વાહન મારફતે શહેરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. દવા સારવાર બાદ તેઓ પોતાના સંબંધીઓ સાથે બુધવારના રોજ શહેરા પોલીસ મથકે આવી મોરવા (રેણા) ગામના માજી સરપંચ સહિતના વિરુદ્ધ એટ્રોસિટી એકટ અન્વયે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## બોડેલી નેશનલ હાઈવેના હાલોલ બાયપાસ રોડ ઉપર ટેમ્પો નાળાની પાળ તોડી કોતરમાં પડ્યો, ત્રણ ઈજાગ્રસ્ત થયા



હાલોલ
બોડેલી નેશનલ હાઈવેના હાલોલ બાયપાસ રોડ ઉપર પાવાગઢ તરફથી લાકડાનો સ્ક્રેપ ભરી આવતો આઈસર ટેમ્પો નાળા ઉપરથી કોતરમાં ખાબકતા ડ્રાઈવર અને કલીનર ઈજગ્રસ્ત થયા હતા. બંનેને સામાન્ય ઈજાઓ પહોંચતા ખાનગી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.
હાલોલ–બોડેલી નેશનલ હાઈવે ઉપર હાલોલ જ્યોતિ સર્કલ નજીક આજે સવારે એક આઈસર ટેમ્પો ૨૦ ફૂટ ઊંડા કોતરમાં અદ્ધર લટકી પડ્યો હતો. ટેમ્પો લાકડાની પટ્ટીઓનો સ્ક્રેપ ભરી હાલોલ બાયપાસ રોડ ઉપરથી જ્યોતિ સર્કલ તરફ આવી રહ્યો હતો. વળાંક ઉપર આઈસર ટેમ્પોના ડ્રાઈવરથી ટર્ન ન લેવાતા ટેમ્પો ખાલી સાઈડે કોતર ઉપર બનાવવમાં આવેલી લોખંડની રેલિંગ તોડી નાળાની દીવાલમાં ભટકાયો હતો
અકસ્માત સ્થળે જોતા ટેમ્પો ગતિમાં હોવાનું અનુમાન લગાવી શકાય છે, નાળાની દીવાલમાં ધડાકાભેર ભટકાયેલા ટેમ્પોના આગળના બંને પૈડાં એક્સલ સાથે નાળાની દીવાલ પાસે નીકળી ગયા હતા અને ટેમ્પો ગતિ સાથે હવામાં ઉછળી ૨૦ ફૂટ ઊંડા કોતર ઉપર અદ્ધર લટકી રહ્યો હતો. અકસ્માત સમયે ટેમ્પોમાં બે ડ્રાઈવર અને એક ક્લીનર હોવાનું જાણવા મળ્યું છે. તમામની સામાન્ય ઈજાઓ પહોંચતા ખાનગી દવાખાનામાં સારવાર લીધી હોવાનું જાણવા મળ્યું છે.

## ગોધરા ભાજપ દ્વારા કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના નિવેદનને લઈ વિરોધ પ્રદર્શન કરી પુતળાનું દહન કરાયું



ગોધરા,
કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને ઓવરસીઝ કોંગ્રેસના અદયક્ષ સામ પિત્રોડા દ્વારા આપવામાં આવેલ નિવેદનનો ગોધરા ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કરી ચર્ચ સર્કલ ખાતે પિત્રોડાના પુતળાનું દહન કરવામાં આવ્યું.કોંગ્રેસના વરીષ્ઠ નેતા સામ પિત્રોડા દ્વારા આપવામાં આવેલ નિવેદનને લઈ ભાજપ દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે. ત્યારે પંચમહાલ ગોધરા ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગોધરા ચર્ચ સર્કલ ખાતે ભાજપના નેતાઓ અને કાર્યકરો દ્વારા સામ પિત્રોડા વિરૂદ્ધના બેનરો સાથે દેખાવો કરી પિત્રોડાના પુતળાનું દહન કરવામાં આવ્યું.

## શ્રી સ્વામિનારાયણ મંદિર(ટાવરવાળા) ગોધરા દ્વારા આયોજિત ત્રણે મંદિરનો ૧૭૦ માં પાટોત્સવ





શ્રી સ્વામિનારાયણ મંદિર(ટાવરવાળા) ગોધરા દ્વારા આયોજિત ત્રણે મંદિરનો ૧૭૦ માં પાટોત્સવ અંતર્ગત સુંદરકાંડ કથા પારાયણ શાસ્ત્રી માણસ પ્રકાશ દ્વારા યોજવામાં આવ્યું હતું, અને વડતાલ ગાદીના પીથાધીપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદ મહારાજ તેમજ લાલજી મહારાજ પણ પધાર્યા હતા અને મંદિર મા ભવ્ય અન્નકૂટ પણ રાખવામાં આવ્યો,આ આ પ્રસંગને ખૂબ મહા મહેનતથી મંદિરના નવયુવાન કોઠારી જયેશભાઈ તથા માજી કોઠારી જીતુભાઈ મંડપ વાળા ખૂબ મહેનત કરી હતી.તેમજ બારદાન ના પ્રમુખ શ્રી મુકેશભાઈએ મહાજન ઉઠાવે કાર્યને સફળ બનાવી હતો.